પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭ ● અંક : ૧૨૨ ● કુલ પાના : ૪ ● તારીખ : ૧૬-૦૧-૨૦૨૪ મંગળવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### મણિપુરથી રાહુલ ગાંધીની ભારત જોડો ન્યાય યાત્રા શરુ

## વડાપ્રધાન મોદી આજ સુધી મણિપુરના આંસુ લૂછવા આવ્યા નથી, આ શરમજનક વાત છે : રાહુલ ગાંધી



નવીદિલ્હી,

રાહુલ ગાંધીની આગેવાનીમાં કોંગ્રેસની ન્યાય યાત્રા મણિપુરથી શરુ થઈ ગઈ છે. તેના માટે રાહુલ ગાંધી સહિત કોંગ્રેસના કેટલાય નેતાઓ ઈમ્ફાલમાં પહોંચી ગયા છે. કાર્યકર્તાઓએ તેમનું સ્વાગત ફુલોથી કર્યું હતું.આ યાત્રાને આગામી ૨૦૨૪ની સંસદીય ચૂંટણી માટે કાર્યકર્તાઓમાં ઉત્સાહ ભરવા માટે કોંગ્રેસની આ અંતિમ હથિયાર માનવામાં આવે છે. પાર્ટીએ વધારેમાં વધારે લોકોને આ યાત્ર સાથે જોડાવાની અપીલ કરી છે. આ યાત્રા ૬૫૦૦ કિમી સુધી ૧૫ રાજયોની લગભગ ૧૦૦ લોકસભા સીટ કવર કરશે.

રાહુલ ગાંધીની આગેવાનીમાં કોંગ્રેસ પાર્ટી રવિવારથી ભારત જોડો યાત્રાનો બીજો તબક્કો શરુ કરી રહી છે. બીજા તબક્કાની યાત્રાને કોંગ્રેસે ભારત જોડો ન્યાય યાત્રા નામ આપ્યું છે. જો કે, આ યાત્ર નિશ્ચિત સમયે શરુ થઈ શકી નહોતી. ઈમ્ફાલમાં ભારત જોડો ન્યાય યાત્રા શરુ થવામાં મોડુ થવાને લઈને રાહુલ ગાંધીએ માફી માગતા કહ્યું કે, દિલ્હીમાં હવામાન ખરાબ હોવાના કારમે અમારી ફલાઈટ મોડી પડી. તેના માટે માફી માગું છું. મણિપુર હિંસા બાદ પીએમ મોદી આ રાજ્યમાં નહીં આવવાની ટિકા કરતા રાહુલ ગાંધીએ કહ્યું કે, પીએમ મોદીને મણિપુરનું દુઃખ દેખાતું નથી.રાહુલ ગાંધીએ મણિપુરના થૌબલથી ભારત જોડો ન્યાય યાત્રા શરૂ કરી છે. અહીં રાહુલ ગાંધીએ એક સભાને સંબોધતા કહ્યું - મણિપુરમાં ભાઈઓ, બહેનો, માતા-પિતાની નજર સામે મૃત્યુ પામ્યા અને આજ સુધી ભારતના વડાપ્રધાન તમારા આંસુ લૂછવા કે તમને મળવા મણિપુર આવ્યા નથી. આ શરમજનક વાત છે.રાહુલે વધુમાં કહ્યું- અમે તમારી વાત સાંભળવા આવ્યા છીએ, મન ની વાત સંભળાવવા નહીં. આ તરફ કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ સભાને સંબોધલ કરતા કહ્યું- મોદીજી દરિયા કાંઠે ફરવા જાય છે, રામ-રામ જપે છે પરંતુ મણિપુર આવતા નથી.રાહુલની સાથે અશોક ગેહલોત, સચિન પાયલટ, દિગ્વિજય સિંહ, સલમાન ખુર્શીદ, આનંદ શર્મા અને રાજીવ શુકલા જેવા ઘણા વરિષ્ઠ નેતાઓ મણિપુર પહોંચ્યા હતા.

**કોંગ્રેસ પાર્ટી આ યાત્રા દ્વારા લોકસભા ચૂંટણીમાં બેરોજગારી, મોંઘવારી અને સામાજિક ન્યાયા સાથે જોડાયેલા મુદ્દા તરફ લોકોનું ધ્યાન આકર્ષિત કરવા માગે છે.**

ચૂંટણી આડે બહુ સમય બાકી નથી. તેથી પગપાળા તેમજ બસમાં યાત્રા કરવાનું નક્કી કર્યું. સફર ક્યાંથી શરૂ કરવી એવો પ્રશ્ન ઊભો થયો, કોઈએ કહ્યું પશ્ચિમથી કરો, કોઈએ કહ્યું પૂર્વથી કરો. મેં સ્પષ્ટ કહ્યું- આગામી ભારત જોડો યાત્રા મણિપુરથી જ શરૂ થઈ શકે છે. મણિપુરમાં ભાજપ નફરતનું રાજકારણ કરે છે.

૨૦૦૪થી હું રાજકારણમાં છું, પહેલીવાર હું ભારતના એક પ્રદેશમાં ગયો. જ્યાં શાસનનું સમગ્ર માળખું બગડી ગયું. ૨૯ જૂન પછી મણિપુર બદલાઈ ગયું. દરેક ખૂણે નફરત ફેલાઈ ગઈ. લાખો લોકોને નુકસાન થયું. ભાઈ-બહેન, માતા-પિતા અમારી નજર સામે મૃત્યુ પામ્યા અને આજ સુધી ભારતના વડાપ્રધાન તમારા આંસુ લૂછવા કે તમને ગળે લગાડવા મણિપુર આવ્યા નથી. આ શરમજનક વાત છે.

કોંગ્રેસ પાર્ટી આ યાત્રા દ્વારા લોકસભા ચૂંટણીમાં બેરોજગારી, મોંઘવારી અને સામાજિક ન્યાયા સાથે જોડાયેલા મુદ્દા તરફ લોકોનું ધ્યાન આકર્ષિત કરવા માગે છે. આજથી શરુ થતી આ યાત્રા માર્ચના ત્રીજા અઠવાડીયામાં મુંબઈ પહોંચશે, જયાં તેનું સમાપન થશે.આ યાત્રા ૬૭ દિવસમાં ૧૫ રાજયો અને ૧૧૦ જિલ્લામાંથી પસાર થશે. રાહુલ ગાંધીની આ યાત્રા મણિપુર, નાગાલેન્ડ, આસામ, મેઘાલય, પશ્ચિમ બંગાળ, બિહાર, ઝારખંડ, ઓડિશા, છત્તીસગઢ, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, રાજસ્થાન, ગુજરાત અને મહારાષ્ટ્રમાંથી પસાર થવાની છે.

## ઉત્તરાયણના દિવસે ૧૦૮ ઈમર્જન્સી કોલમાં ધરખમ વધારો થયો, કુલ ૨૯૫૩ ઈમરજન્સી કોલ

અમદાવાદ,

ઉત્તારાયણના પર્વને લઈને ગુજરાતીઓ ઉત્સાહિત રહેતા હોય છે. ઉત્તારાયણ માટેની તૈયારીઓ ગુજરાતીઓ ઉત્તારાયણના થોડા દિવસ પહેલાથી જ કરી દેતા હોય છે. પરંતુ ઘણીવાર આ ઉત્સાહનો તહેવાર માતમાં પણ છવાઈ જાય છે. ખાસ કરીને આ દિવસે કેટલાય પ્રકારની જાનહાનિની ઘટના સામે આવતી હોય છે.

આ તહેવારના દિવસે દોરી વાગવાથી લઈને ધાબા ઉપરથી પડી જવાની ઘટનાઓ સામે આવતી હોય છે. સરકાર આવા પ્રકારની ઘટનાઓથી માટે પહેલાથી જ તૈયાર રહેતી હોય છે. ડોકટરસ્ અને ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમ ખડેપગે આ તહેવારના દિવસે પણ જનસેવા માટે હાજર રહેતી હોય છે.

આ વર્ષે પણ ઉત્તારાયણના દિવસે ૧૦૮ ઈમરજન્સી કોલમાં વધારો જોવા મળ્યો છે. ઉત્તારાયણના આ પાવન પર્વ ઉપર ૧૦૮ ઈમરજન્સી લોકોને તાત્કાલિક સારવાર અર્થે પહોંચાડવા આગાળ રહી. આ વર્ષે ૧૦૮ ઈમરજન્સીને કુલ ૨૯૫૩ ઈમરજન્સી કોલ મળ્યા હતા. અહી નોંધનીય બાબત એ છે કે ગત વર્ષ કરતાં આ વર્ષે આવતા ઈમરજન્સી કોલમાં વધારો થયો છે. ગત વર્ષે ૧૦૮ ઈમરજન્સીને ૨૯૧૦ ઈમરજન્સી કોલ આવ્યા હતા, ગત વર્ષની સરખામણીમાં આ વર્ષે ૪૩ કોલ વધ્યા છે.

અમદાવાદમાં વાત કરીએ તો કુલ ૩૭ લોકોને દોરીના કારણે ઈજાના કેસ સામે આવ્યા છે. જ્યારે ધાબા ઉપરથી પડી જવાના કુલ આખા શહેરમાંથી ૯ કેસ સામે આવ્યા છે. સારી બાબત એ છે કે હજી સુધી ઉત્તારાયણ પર્વમાં નોંધાએલ અકસ્માતમાં શહેરમાં હજી સુધી કોઈ મૃત્યુના આંકડા સામે આવ્યા નથી.

વડોદરામાં પણ ઉતરાયણ પર્વમાં ૩૭ લોકોને થઈ ઈજા થઈ હતી. પતંગના દોરાના કારણે ૩૭ જેટલા લોકો થયા ઈજાગ્રસ્ત થયા હતા. આ અકસ્માતમાં એકનું મોત, ૪ ગંભીર અને અન્ય સામાન્યને ઈજાઓ થઈ થઈ હતી.

ઉત્તારાયણ પર્વમાં વપરાતી ધારદાર દોરી પક્ષીઓ માટે મોત સમાન સાબિત થતી હોય છે, જેના કારણે ઘણા પક્ષીઓ મોતને ભેટતા હોય છે. તેટલા માટે રાજયસરકાર દ્વારા ઘાયલ પક્ષીઓની સારવાર માટે કરુણા અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. કરુણા અભિયાન અંતર્ગત ઉત્તારાયણ પર્વ દરમિયાન ઘાયલ થતાં પશુ-પક્ષીઓને સારવાર આપવાનું કાર્ય કરવામાં આવે છે.આ વર્ષે આ સેવામાં પણ ઈમરજન્સી કોલસ્ વધ્યા છે. ઘાયલ પક્ષીઓના મદદ માટે કુલ ૧૩૨૭ કોલ આવ્યા છે.

## ઉત્તર ભારતના મેદાની વિસ્તારોમાં ધુમ્મસના કારણે સ્થિતિ વણસી રહી છે, પશ્ચિમી વિક્ષેપ માટે ચેતવણી



નવીદિલ્હી,

સિંધુ-ગંગાના મેદાનો આ દિવસોમાં ગાઢ ધુમ્મસની લપેટમાં છે. ભારત-ગંગાના મેદાનોમાં પશ્ચિમમાં પાકિસ્તાનથી પૂર્વમાં બંગાળની ખાડી સુધીનો વિસ્તાર સામેલ છે. સેટેલાઈટ તસવીરો પરથી આ વાત સામે આવી છે. ધુમ્મસનું કારણ જણાવતા હવામાન વિભાગે કહ્યું કે આ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે થઈ રહ્યું છે. તેમજ એકાદ-બે દિવસ ઠંડીનું જોર ચાલુ રહેશે અને ઉત્તર-પશ્ચિમ ભારતના કેટલાક વિસ્તારોમાં તાપમાન ૨ ડિગ્રી સેલ્સિયસ સુધી ઘટી શકે છે.

હવામાન વિભાગના વરિષ્ઠ વૈજ્ઞાનિક ડીએસ પાઈએ જણાવ્યું હતું કે 'હવામાન ઠંડું રહે છે અને પવન શાંત છે. ધુમ્મસની રચના માટે આ યોગ્ય મોસમ છે. હાલમાં જોરદાર પવન ફૂંકાવાની કોઈ શક્યતા નથી, જેના કારણે હાલ ધુમ્મસ હટવાના કોઈ સંકેત નથી. હવામાન વિભાગનું કહેવું છે કે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર ૧૬-૧૭ જાન્યુઆરીએ ફરી જોવા મળશે, જેના કારણે ધુમ્મસની સમસ્યા યથાવત રહેવાની શક્યતા છે. હવામાન વિભાગનું કહેવું છે કે ૧૪ જાન્યુઆરીથી ૧૬ જાન્યુઆરી સુધી પંજાબ, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી અને ઉત્તર પ્રદેશના ઘણા વિસ્તારોમાં ગાઢ ધુમ્મસની અસર જોવા મળશે. ૧૬-૧૭ જાન્યુઆરીએ કેટલીક જગ્યાએ ધુમ્મસની અસર પણ જોવા મળશે.

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ એ તોફાનો છે જે ભારતીય ઉપખંડના ઉત્તરીય વિસ્તારોમાં શિયાળાની ઋતુ દરમિયાન થાય છે, જે ભૂમધ્ય સમુદ્ર, શ્યામ મહાસાગર અને અમુક અંશે કેસ્પિયન સમુદ્રમાંથી ભેજ લાવે છે અને વાતાવરણના ઉચ્ચ સ્તરોમાં તેને જમા કરે છે. વરસાદ અથવા બરફ. ઉત્તર ભારત, પાકિસ્તાન અને નેપાળમાં પડે છે. આ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ ઉત્તર ભારતમાં રવિ પાક માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે, ખાસ કરીને ઘઉંના પાક માટે.

દિલ્હીમાં સવારે ૩ વાગ્યાથી સવારે ૧૦.૩૦ વાગ્યા સુધી ગાઢ ધુમ્મસની અસર જોવા મળી હતી. જેના કારણે ૨૦ ફલાઈટોને દિલ્હી એરપોર્ટ પર ડાયવર્ટ કરવી પડી હતી. ૪૦૦થી વધુ ફલાઈટો મોડી પડી હતી. ધુમ્મસની અસરને કારણે રવિવાર સિઝનનો સૌથી ઠંડો દિવસ તરીકે નોંધાયો હતો અને લઘુત્તમ તાપમાન ૩.૫ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. જો કે બપોરના સમયે તડકો પડતાં લોકોને ઠંડીમાંથી થોડી રાહત મળી હતી. ૧૬ જાન્યુઆરી સુધીમાં ઉત્તર પશ્ચિમમાં ઘણી જગ્યાએ લઘુત્તમ તાપમાન ઘટીને ૨ ડિગ્રી સેલ્સિયસ થઈ શકે છે.

## ઉત્તરાયણને દિવસે પ્રતિબંધિત ચાઈનીઝ દોરીથી ગળું કપાતા બે લોકોના મોત

અમદાવાદ,

રાજ્યભરમાં ઉત્તારાયણ પર્વની ઉજવણી હર્ષોલ્લાષ સાથે કરવામાં આવી હતી. લોકોએ મનભરીને પતંગ ચગાવી હતી. પરંતુ આ દરમિયાન ચાઈનીઝ દોરીને કારણે દુર્ઘટનાઓ પણ બની છે. રાજ્યમાં ચાઈનીઝ દોરીને કારણે બે લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. દોરીને કારણે ગળું કપાવાથી ભાવનગર અને વડોદરામાં એક-એક વ્યક્તિના મોત થયા છે. આ દોરી પર પ્રતિબંધ છે છતાં લોકો તેનો ઉપયોગ કરી રહ્યાં છે.

વડોદરામાં ઉત્તારાયણ પર્વની ઉજવણી દરમિયાન ચાઈનીઝ દોરીથી ગળું કપાતા એક યુવકનું મોત થયું છે. વાઘોડિયા રોડ પર પરિવાર ચાર રસ્તા પર આ બનાવ બન્યો છે. ટુ-વ્હીલર પર જતાં ૨૦ વર્ષના અનિકેત નામના યુવકના ગળામાં દોરી ભરાતા તેનું ગળું કપાય જતાં મોત નીપજ્યું છે. યુવક ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં તેને સયાજી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તબીબે યુવકને મૃત જાહેર કર્યો હતો.

ભાવનગર જિલ્લાના સણોસરા ખાતે પતંગની દોરીને કારણે એક વ્યક્તિનું મોત થયું છે. સણોસરા ખાતે લશ્કરભાઈ ચૌહાણ નામના ભાઈ રસ્તા પરથી પસાર થઈ રહ્યાં હતા તે સમયે ચાઈનીઝ દોરીનો ભોગ બન્યા હતા. પ્રતિબંધિત ચાઈનીઝ દોરીથી લશ્કર ભાઈનું ગળું કપાયું હતું. રસ્તા પર લોહીલુહાણ થઈ ગયા હતા. વધુ પડતું લોહી વહી જવાને કારણે તેમનું મોત થયું હતું. ઉત્તારાયણનો તહેવાર ચૌહાણ પરિવાર માટે માતમમાં ફેરવાયો છે.

## અંબાજી મંદિરે એક ભક્તે ઉત્તરાયણ પર્વે ૩.૨૭ લાખનો સુવર્ણ હાર ભેટ ધર્યો

અંબાજી,

પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી મંદિરે ભકતો દ્વારા સોના અને ચાંદીના દાગીનાની ભેટ ધરવામાં આવે છે. અહીં મદિરને સુવર્ણથી મઢવામાં આવતુ હોઈ ભકતો સોનાનું દાન કરે છે. તો આ ઉપરાંત ભકતો સુવર્ણ ઘરેણાંની ભેટ ચડાવતા હોય છે. આવી જ રીતે ચાર દિવસથી યાત્રા પર નિકળેલા ભકતોએ અંબાજી પહોંચતા માતાજીના દર્શન કર્યા હતા. જેમાંથી એક ભકતે ઉત્તારાયણના દિવસે સોનાનો હાર ચડાવ્યો હતો.

જોધપુર, સુરત અને બાડમેરથી દર્શન કરવા માટે અંબાજી દર્શન કરવા માટે આવ્યા હતા. જેઓ ચાર દિવસથી નિકળીને નાકોડા, બાડમેક, માંડોલ અને સોનાના ખેતલાજીના દર્શન કરીને અંબાજી પહોંચ્યા હતા. જયાં એક ભકતે સોનાનો હાર ૩.૨૭ લાખનો ભેટ ધર્યો હતો. ૫૮ ગ્રામ વજન ધરાવતા સોનાના હારને માતાજીને ભેટ ધર્યો હતો.

**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ**

**ટેન્ડર નોટીસ નં-૦૬ અને ૦૭ સને-૨૦૨૩-૨૪**

ઈ–ટેન્ડર આઈ.ડી. નં. ૩૪૫૩૩ અને ૩૪૫૭૮

કાર્યપાલક ઈજનેરશ્રી, જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, સિલ્વર પ્લાઝા કોમ્પલેક્ષ. ધાનકાવાડ, ગોધરા, જીલ્લો–પંચમહાલ–૩૮૯૦૦૧, ફોન નં–૦૨૬૭૨ ૨૪૧૯૪૧ દ્વારા નીચેના કામો માટે ઈ–ટેન્ડરો મંગાવવામાં આવે છે. (૧) કામનું નામ– એકશન પ્લાન ૨૦૨૩–૨૪ (મ.અને નિ.) અંતગર્ત (અ) પંચમહાલ જીલ્લાના ગોધરા તાલુકાની પી.એમ.૪–બી જુથ પાણી પુરવઠા યોજનાની મરામત અને નિભાવણીની (સિવિલ) ૦૬ માસ માટેની કામગીરી. અંદાજીત કિમત રૂા.૪૦.૫૭ લાખ અને (બ) પંચમહાલ જીલ્લાના કાલોલ તાલુકાની પી.એમ.૩–બી જુથ પાણી પુરવઠા યોજનાની મરામત અને નિભાવણીની (સિવિલ) ૦૯ માસ માટેની કામગીરી, અંદાજીત કિંમત રૂા.૪૨.૮૯ લાખ (કુલ બે કામ) (૨) એજન્સીની પાત્રતા–ઉકત કામગીરી માટે માર્ગ અને મકાન વિભાગ તથા સિંચાઈ ખાતાના યોગ્ય શ્રેણી માં રજીસ્ટ્રેશન ધરાવતા તથા ટેન્ડરમાં જણાવ્યા મુજબની જરૂરી લાયકાત ધરાવતાં ઠેકેદારશ્રીઓ પાસેથી ઓનલાઈન ભાવો માંગવામાં આવે છે. (૩) ઉકત કામોની બાનાની રકમ/ટેન્ડર ફી તથા અન્ય વિગતો ઉપરોકત સરનામે રૂબરૂ અથવા ફોન દ્વારા તેમજ વેબસાઈટ http//gwssb.nprocure.com ઉપર જોઈ શકાશે. ટેન્ડર ઓનલાઈન ભરવાની છેલ્લી તારીખ–૨૩/૦૧/૨૦૨૪, ૧૮.૦૦ કલાક સુધી તથા ફિઝીકલ દસ્તાવેજો કચેરીમાં આર.પી.એડી./હાથો હાથ/કુરીયર થી સબમિશન કરાવવાની છેલ્લી તારીખ–૨૪/૦૧/૨૦૨૪, ૧૫.૦૦ કલાક સુધીની રહેશે. સદર ટેન્ડર કોઈપણ કારણ દર્શાવ્યા સિવાય રદ કરવાનો અધિકાર આ કચેરીને અબાધિત રહેશે. આ કામની ટેન્ડર નોટીસ અને ટેન્ડર ડોકયુમેન્ટ/સુધારા કે કોઈપણ ફેરફાર હવે પછી વેબસાઈટ ઉપર મુકવામાં આવશે.

"ગ્રામ્ય વિસ્તારની પીવાના પાણીની સમસ્યા અંગે ગુ.પા.પુ. અને ગ.વ્ય. બોર્ડનો હેલ્પલાઈન નંબર–૧૯૧૬ ઉપર જનતાએ સંપર્ક કરવા અનુરોધ છે."

માહિતી/ગોધરા/૭૮૬/૨૦૨૪

**જાહેર નોટીસ**

આથી અમો નીચે સહી કરનાર એડવોકેટ શ્રી રાજેશ વી. દવે તે અમારા અસીલ પટેલ ભાર્ગવકુમાર નુતનભાઈ રહેવાસી જનતા કોલની મુ.પો.કોઠંબા, તા.લુણાવાડા, જી.મહીસાગર ની સુચના અને ફરમાઈશથી આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે...

અમારા અસીલ ના પિતાશ્રી સ્વ પટેલ નુતનભાઈ કાળીદાસ તારીખ ૦૩/૦૭/૨૦૨૩ ના રોજ વડોદરા મુકામે અવસાન થયેલ તેમના વારસાદારોનુ વારસાઈ પ્રમાણ પત્ર માગેલ છે તો તેમના સિધી લીટાના વારસદારો મા (૧) પત્ની પટેલ રેણુકાબેન નુતનભાઈ (૨) દિકરી સિમાબેન નુતનભાઈ પટેલ (૩) પુત્ર ભાર્ગવકુમાર નુતનભાઈ છે. આ સિવાય અન્ય કોય વારસદાર નથી તેવુ અમારા અસીલ જણાવે છે કે સ્વ પટેલ નુતનભાઈ કાળીદાસ જો કોઈ સિધી લીટાના અન્ય કોઈ વારસદારો લાગભાગ હક્ક હિત સંબંધે કે અધિકાર હોય તો નીચેના સરનામે દિન ૭ માં લેખત પુરાવા સહ વાંધા રજુ કરવા મુદતમાં કોઈના વાંધા નહી આવે તો અમારા અસીલ ને વારસાઈ પ્રમાણ પત્ર આપવામાં આવશે. ત્યાર બાદ કોઈના કોઈ પણ પ્રકારના વાંધા કે તકરાર ચાલશે નહી જેની સ્પષ્ટ નોંધ લેવી.

સ્થળ – લુણાવાડા

તારીખ – ૦૬/૦૧/૨૦૨૪

રાજેશ વી. દવે

એડવોકેટ & નોટરી.

સોનીવાડ, લુણાવાડા

મો.૯૪૨૭૨૨૦૮૭૧

## અયોધ્યામાં ૭૦ દિવસ સુધી ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમો ચાલશે

અયોધ્યા,

પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમ પહેલા અયોધ્યામાં ઘણા બધા સાંસ્કૃતિક કાર્યક્રમો થશે.આટલું જ નહીં, ૨૨ જાન્યુઆરીએ પ્રતિષ્ઠા કાર્યક્રમના દિવસે લગભગ ૧૦૦ ધર્મસ્થાનો પર સાંસ્કૃતિક કાર્યક્રમો અને લોકનૃત્ય થતા જોવા મળશે. આ સાથે જ આ ખાસ દિવસે શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ દ્વારા આમંત્રિત કરાયેલા લોકો જ ગ્રીન કોરિડોર દ્વારા દર્શન કરી શકશે. ૨૨ જાન્યુઆરી પછી મોટી સંખ્યામાં આવનારા શ્રદ્ધાળુઓ માટે ક્યાં પાર્કિંગ હશે અને લોકો ક્યાં રોકાશે તે અંગે વ્યાપક વ્યવસ્થા કરવામાં આવી છે.

પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમ પહેલા પણ ૧૫ જાન્યુઆરીથી સાંસ્કૃતિક કાર્યક્રમો શરૂ થશે જે આગામી ૭૦ દિવસ સુધી સતત ચાલશે. ૨૨ જાન્યુઆરીએ પ્રાણ પ્રતિષ્ઠાના દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદી યજમાન તરીકે અયોધ્યામાં હશે અને તે દિવસે ૧૦૦ થી વધુ સ્થળોએ લોકનૃત્ય અને સાંસ્કૃતિક કાર્યક્રમો થતા જોવા મળશે.

અયોધ્યાના ડીએમ નીતીશ કુમારે કહ્યું, '૨૨ તારીખ પહેલા અમે ૧૪ કે ૧૫ તારીખથી સાંસ્કૃતિક કાર્યક્રમો શરૂ કરીશું. આમાં, પાંચ કાયમી પ્લેટફોર્મ બનાવવામાં આવશે જે ૭૦ દિવસ સુધી ચાલશે અને ૧૦ મધ્યમ સ્તરના પ્લેટફોર્મ બનાવવામાં આવશે. ૨૨મી તારીખની વાત કરીએ તો તે દિવસે લોકકલા માટે ૧૦૦ સ્ટેજ બનાવવામાં આવશે. તે દિવસે અહીં લોક સંસ્કૃતિ પર આધારિત કાર્યક્રમો ચલાવવામાં આવશે, બાકીના કાર્યક્રમો લોક સાંસ્કૃતિક કાર્યક્રમો હશે અને રામલીલાનું મંચન થશે અને વ્યાપક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે.

શ્રી રામ જન્મભૂમિ મંદિરમાં દર્શનનો સમયગાળો ૨૩ જાન્યુઆરીથી લંબાવવામાં આવશે. વધુને વધુ લોકો દર્શન કરી શકે તે માટે બહારગામથી આવતા શ્રદ્ધાળુઓ માટે પાર્કિંગથી માંડીને તમામ વ્યવસ્થા કરવામાં આવશે, એટલું જ નહીં સુરક્ષાના દષ્ટિકોણથી ૧૮મી જાન્યુઆરીની રાત્રિથી જરુરીયાત સિવાયના મોટા વાહનોને પ્રવેશ આપવામાં આવશે નહીં. છર્અદ્ધરઅદ્ઠ માં પાયાની સુવિધાઓને પ્રવેશ આપવામાં આવશે નહીં.

ડીએમ નીતિશ કુમારે કહ્યું, 'સૌથી મહત્વની વાત એ છે કે રામ મંદિર ટ્રસ્ટ દ્વારા તૈયાર કરાયેલ મહેમાનોની યાદી અને જેઓને પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમમાં આમંત્રણ આપવામાં આવ્યું છે તેઓ જ દર્શન કરી શકશે. અમે ૨૩ મીથી વ્યાપક વ્યવસ્થા કરી છે. ટ્રસ્ટ દ્વારા વાટાઘાટો કરવામાં આવી છે. દર્શનનો સમયગાળો લંબાવવામાં આવશે અને ટ્રસ્ટ સાથે વાટાઘાટો કરવામાં આવી છે અને વધુમાં વધુ દર્શન થાય તે માટે ટ્રસ્ટે સંમતિ દર્શાવી છે. ૨૨ મીએ અમે ગ્રીન કોરિડોર બનાવીશું અને અમારા મહેમાનો તે માર્ગ પરથી આવશે. અમે ઉડિયા નજીક ૩૫ એકરનું પાર્કિંગ બનાવી રહ્યા છીએ. ૧૪ અમે કોસી અને પંચકોસી પરિક્રમા માર્ગની બાજુમાં અમારી પાસે રહેલી જગ્યાનો પણ ઉપયોગ કરી શકીએ છીએ.

પ્રાણ પ્રતિષ્ઠાના બીજા દિવસથી એટલે કે ૨૩ મી જાન્યુઆરીથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓના વાહનો પાર્ક કરવા માટે મલ્ટિલેયર પાર્કિંગની વ્યવસ્થા કરવામાં આવશે.તો સાથે જ વિશાળ વિસ્તારમાં પાર્કિંગની જગ્યા બનાવવામાં આવી રહી છે. જ્યારે આટલી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ પહોંચશે.

## ઉત્તરાયણના રંગે રંગાયા નેતાઓ અમિત શાહથી લઈને હર્ષ સંઘવીએ કાર્યકરો સાથે પતંગ ઉડાડી

અમદાવાદ,

રાજયમાં ભારે હર્ષોલ્લાસ અને ઉમંગ સાથે ઉત્તરાયણનો તહેવાર ઉજવાયો છે. જો વાત ઉત્તરાયણના પર્વની ઉજવણી હોય તો આપણા નેતાઓ પણ કેમ બાકાત રહે. મકરસંક્રાતિના પર્વની નેતાઓએ પણ મજા માણી. ઉત્તરાયણના પર્વની કેન્દ્રીય ગૃહપ્રધાનથી માંડીને ગૃહ રાજ્યપ્રધાન હર્ષ સંઘવીએ ઉજવણી કરી. અમિત શાહ સૌપ્રથમ જગન્નાથ મંદિરે પહોંચ્યા હતાં જ્યાં શાહે જગતના નાથના દર્શન અને પૂજા પાઠ કર્યા. પૂજાપાઠ બાદ અમિત શાહે પરિવાર સાથે પ્રભુની આરતી ઉતારીને ધન્યતા અનુભવી. પ્રભુ દર્શન બાદ અમિત શાહે ગજાનનને ઘાસ ખવડાવ્યુ અને બ્રાહ્મણોને વસ્ત્રોનું દાન કર્યુ આ ઉપરાંત કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહે અમદાવાદના વેજલપુર અને સાબરમતીમાં કાર્યકરો અને મિત્રો સાથે પતંગનો આનંદ માણ્યો હતો.ગાંધીનગરના વાવોલમાં કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહે પતંગ ચગાવ્યા બાદ ફાફડા-જલેબીની જયાફત માણી હતી અમિત શાહ સાથે મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલ પણ હાજર રહ્યા હતા.

તો ગૃહ રાજયપ્રધાન હર્ષ સંઘવીએ કાર્યકરો સાથે સુરતમાં પતંગ ઉડાડી. હર્ષ સંઘવીએ કહ્યું કે લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસનો પતંગ કાપશે ભાજપનો વિકાસ પતંગ.

પૂર્વ મુખ્યપ્રધાન વિજય રૂપાણીએ રાજકોટ સ્થિત પોતાના નિવાસસ્થાને પરિવારજનો સાથે પતંગ ચગાવી ઉત્તરાયણ પર્વની ઉજવણી કરી હતી. તેમણે કહ્યું કે ગુજરાતમાં વિકાસનો સતત ચગી રહેલો પતંગ લોકસભા ચૂંટણીમાં ભાજપને હેટ્રિક અપાવશે.

તો આરોગ્ય પ્રધાન ઋષિકેશ પટેલે પણ મહેસાણામાં પતંગની મજા માણી અને મકરસંક્રાતિનો તહેવાર ઉજવ્યો હતો. આમ ઉત્તરાયણના રંગે નેતાઓ પણ રંગાયા.

ઉત્તારાયણ પર્વને લઈને રાજયભરમાં ઉત્સાહ ત્યારે ભાવનગરના ધારાસભ્ય અને પૂર્વ શિક્ષણમંત્રી જીતુ વાઘાણી એ પોતાના મત વિસ્તારમાં મેયર, ડેપ્યુટી મેયર અને કાર્યકરો સાથે પતંગ ઉડાડીને ઉજવણી કરી હતી.

## સંતરામપુરમાં હડકાયા કુતરાના આતંક ઉત્તરાયણના દિવસે ૧૧ લોકોને બચકા ભર્યા




સંતરામપુર, સંતરામપુર નગરમાં હડકાયા કૂતરાનું અંતક ઉતરાણ પર્વ તહેવાર નિમિત્તે ૧૧ લોકોને કૂતરાએ બચકા ભર્યા થોડા સમય અગાઉ દીપડાય આંતક મચાવેલો મહિલાને પંજો મારીને ગંભીર ઈજા પહોંચાડી હતી. જ્યારે ગઈકાલે ઉતરાણ તહેવાર પરિવાર નિમિત્તે બસ સ્ટેશનમાં અને લુણાવાડા રોડ રિલાયન્સ પેટ્રોલ પંપની બાજુમાં હડકાયેલા કુતરાએ ૧૧ જણોને હુમલો કરીને બચકા ભરીને ઈજા પહોંચાડી હતી. તાત્કાલિક સંતરામપુર સ્ટેટ હોસ્પિટલમાં સારવાર આપવામાં આવેલી હતી. દિન પ્રતિદિન ગ્રામ્ય વિસ્તારોમાં અને સંતરામપુરમાં પ્રાણીઓએ માણસો પર હિંસક હુમલા કરી રહેલા છે. આના કારણે મોટાભાગના લોકોમાં ડર અને ભયનો માહોલ જોવા મળી આવેલો છે. આવી પરિસ્થિતિના કારણે લોકોમાં ભારે ભયભીતી સેવાયેલી છે. આવા વન પ્રાણી અને રખડતા કૂતરાઓ લોકો માટે જોખમો કારક ઊભું થયેલું છે. હાલમાં ૧૧ લોકોને ઉતરાયણ શિકાર બનાવેલા અને તેના ભોગ બનેલાને સારવાર આપવામાં આવી રહી.

## સંતરામપુરના ભાણા સીમલ પાણી પુરવઠા જ્યોત વિભાગ કામદારોએ પરત વેતન માટે માંગ કરાઈ



સંતરામપુર, સંતરામપુર તાલુકાના ભાણા સીમલ પાણી પુરવઠા જ્યોત વિભાગ દ્વારા કામદારોને પૂરતો વેતન આપવામાં આવે સંતરામપુર તાલુકાના ભાણાસિમલ પાણી પુરવઠા જૂથ વિભાગ દ્વારા આશરે ૨૫ ઉપરાંત પાણી પુરવઠા વિભાગમાં વેતનની માંગણી સાથે આક્ષેપો કરાયા કર્મચારીઓ સરકારના ધારા ધોરણ મુજબ વેતન મળે તેની માંગ સાથે ઉગ્ર રજૂઆત કરી રહ્યા છીએ. મહીસાગર જીલ્લાના સંતરામપુર તાલુકાના આવેલી ભાણા સીમલ પાણી પુરવઠા જુથ યોજના સમયસર વેતન ના ચૂકવતા ભારે આકરો જોવા મળેલો હતો જ્યારે બીજી બાજુ વેતનમાં કામ કરતા કર્મચારીઓ પૂરતું પ્રમાણમાં વેતન અને પીએફ ના મળતા કામદાર કર્મચારીઓ રોષ ભરાયો ગરીબ પરિવારોથી કામ કરતા કર્મચારીઓને જે તે જવાબદાર કોન્ટ્રાક્ટર એજન્સી દ્વારા પાસેથી પૂરતું વેતન મળી રહે તેવી માંગ કરવામાં આવી છે. કોન્ટ્રાક્ટર અને એજન્સી દ્વારા કર્મચારીને કામ કર્યા પછી પણ વહેલી તકે પગારની ચુકવણી કરતા જ નથી. બે થી ત્રણ મહિના થઈ ગયા પછી પણ એક માસનો પગાર કરતા વચ્ચે કામગીરી બંધ પણ કરી દીધી હતી. ત્યારે પગાર કરવામાં આવેલો હતો પાસે પગાર માંગે ત્યારે છુટા કરવાની ધમકી આપતા હોય છે. કામગીરી મુજબ સારૂં વેતન ચુકવવામાં આવે વોટર સપ્લાયરની માંગ ઉભી થઈ છે.

## ગોધરાના કબીરપુરથી ભુરખલ જતા રોડ ઉપર ખજુરી ગામ ઈકો ચાલકે બાઈકને ટક્કર મારી બાઈક ચાલકનું મોત નિપજાવ્યું

ગોધરા, ગોધરા તાલુકાના કબીરપુર થી ભુરખલ ગામે જતા રસ્તા ઉપર ખજુરી ગામ ઈકો ગાડીના ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવી બાઈકને ટકકર મારી બાઈક ચાલકનું મોત નિપજાવી તેમજ પાછળ બેઠેલ વ્યકિતને ગંભીર ઈજાઓ પહોંચાડી ઈકો ગાડીના ચાલક નાશી જઈ ગુનો કર્યાની ફરિયાદ કાંકણપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા તાલુકાના કબીરપુર થી ભુરખલ ગામ તરફ જવાના રોડ ઉપર ખજુરી ગામ પાસેથી મોટર સાયકલ નં.જીજે.૧૭.સીએ.૧૩૫૮ના ચાલક અરવિંદભાઈ પ્રતાપભાઈ બારીયા તથા તેમના બનેવી કિરીટભાઈ જે રતનપુર(કાં) પેટેના ડેમવા ગામેથી ધોયડા જઈ રહ્યા હતા. ત્યારે ઈકો ગાડી નં.જીજે.૧૬.એલબી.૪૯૭૮ન ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવી બાઈકને ટકકર મારતાં બાઈક ચાલક અરવિંદભાઈ બારીયાને ગંભીર ઈજાઓ પહોંચાડી મોત નિપજાવ્યું હતું. જ્યારે કિરીટભાઈ પરમારને શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડી નાશી જઈ ગુન્હો કર્યાની ફરિયાદ કાંકણપુર પોલીસ મથકે નોંધાવા પામી છે.




એનિમલ હેલ્પ ચેરીટેબલ ટ્રસ્ટ ટીમ દ્વારા સંતરામપુરના અલગ અલગ વિસ્તારો માંથી ૪ ઘાયલ પક્ષી સારવાર સંતરામપુર પશુ હોસ્પિટલ કરવામાં આવી સંતરામપુર વન વિભાગ.

## પંચમહાલના ચંચેલાવ અને તાડવા ગામે બે બાઈકોના અકસ્માતમાં ૬ વ્યકિતને ઈજાઓ

ગોધરા, પંચમહાલ જીલ્લામાં ઉત્તરાયણના દિવસે બે બાઈક અકસ્માતના બનાવો બન્યા હતા. શહેરા તાલુકાના તાડવા અને ગોધરા તાલુકાના ચંચેલાવ ગામ પાસે બાઈકો વચ્ચે અકસ્માતના બનાવમાં ૬ વ્યકિતને ઈજાઓ થવા પામી. તમામ ઈજાગ્રસ્તોને ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા સિવિલ માટે ખસેડવામાં આવ્યા વધારે ગંભીર ઈજાગ્રસ્ત બે વ્યકિતને વડોદરા ખસેડવામાં આવ્યા. પ્રાપ્ત વિગતો મુજબ પંચમહાલ જીલ્લામાં મોડી સાંજે શહેરા તાલુકાના તાડવા પાટીયા પાસે બે બાઈકો વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જ્યારે ગોધરા તાલુકાના ચંચેલાવ ગામ પાસે બે બાઈકો વચ્ચે અકસ્માત સર્જાયો હતો. બે અકસ્માતના બનાવમાં ૬ વ્યકિતને ઈજાઓ થવા પામી હતી. તમામ ઈજાગ્રસ્તોને સારવાર માટે ગોધરા સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા. તે પૈકી બે ઈજાગ્રસ્તોની હાલત ગંભીર હોવાથી વડોદરા એસ.ઓ.જી. હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યા હતા.

## મોરવા(હ)ના ખટવા ગામે ક્રિકેટ મેચ જોતા ૪૦ વર્ષીય વ્યક્તિ અચાનક પડી જતાં સારવાર માટે ખસેડતા મૃત જાહેર કર્યા



મોરવા(હ), મોરવા(હ) તાલુકાના ખટવા ગામે પ્રાથમિક શાળા પાસે મેદાનમાં મેચ જોતા હતા. દરમિયાન અચાનક ચકકર આવતા જમીન ઉપર પડી જતાં ૧૦૮ દ્વારા સારવાર માટે સરકારી દવાખાનામાં ખસેડતા હાજર તબીબે મૃત જાહેર કર્યા હતા. પ્રાપ્ત વિગતો મુજબ મોરવા(હ) તાલુકાના ખટવા ગામે રહેતા નરસીંગભાઈ અમરાભાઈ કટારા ઉ.વ.૪૦ ગામની પ્રાથમિક શાળા પાસે મેદાનમાં ક્રિકેટ મેચ જોતાં હતા. દરમિયાન અચાનક ચકકર આવતાં જમીન ઉપર પડી જતાં દવા સારવાર માટે ૧૦૮ મારફતે સરકારી દવાખાનામાં ખસેડવામાં આવતાં હાજર તબીબ દ્વારા નરસીંગભાઈ કટારાને મરણ ગયેલ જાહેર કરવામાં આવ્યા.

## અરવલ્લીના આદિવાસીઓએ ઉત્તરાયણ પર દેવચકલી ઉડાવી, અનોખી પરંપરાથી વરતારો કાઢ્યો



અરવલ્લી, અરવલ્લી જિલ્લામાં ઉત્તરાયણની અનોખી ઉજવણી કરવામાં આવી. અહીના ભિલોડાના વાંકા ટીબાગામે દેવચકલી પકડવાની પરંપરા વર્ષોથી પાળવામાં આવી છે. જેમાં દેવચકલીને ગોળ અને તલ ખવડાવવામાં આવે છે. દેવચકલીને હુડ હુડ કહીને ખુલ્લા આકાશમાં ઉડાડવામાં આવે છે. જો દેવચકલી લીલા ઝાડ પર બેસે તો વર્ષ સારું રહેવાની માન્યતા છે. વર્ષોની પરંપરાથી સ્થાનિક લોકો ઉત્તરાયણનો પર્વ ઉજવે છે.

અરવલ્લી જિલ્લાના ચાર જેટલા ખાસ આદિવાસી વસ્તી ધરાવતા ભિલોડા, મેઘરજ, શામળાજી, તાલુકાઓના આદિવાસી જ્ઞાતિના મોટા ભાગના ગામોમાં આદિવાસી ભાઈ-બહેનોના ઉતરાયણનો તહેવાર ખુબજ અનોખી રીતે ઉજવે છે. આ અનોખી ઉજવણી પાછળનો મુખ્ય હેતું આખા વર્ષનું વર્ષ ફળ નક્કી કરવાનું હોય છે આજે પરંપરાગત રીતે ઉજવાય છે. આદિવાસીઓ દેવચકલીને ખૂબ જ શુકનિયાળ ગણે છે.

મેઘરજના મોટી મોરી વિસ્તારના આદિવાસી લોકો ઢોલ વગાડી મુખીના ઘેર ભેગા તઈ સુકન જોઈ સમૂહમાં વન વગડે નીકળે છે અને વાળુ તથા ઝાડ ઉપર દેવચકલીને શોધે છે. દેવચકલીને તેઓ પૂજનીય ગણે છે. દેવચકલીને પકડીને કંકુ ચોખાથી પૂજન કરે અને ઘેર-ઘેર ફરી સૌને દર્શન કરાવે છે. દર્શન અને પૂજન કર્યા પછી દેવ ચકલીને ઉડાડવામાં આવે છે. દેવચકલી ક્યા જઈને બેસે છે, તે અગત્યનું હોય છે. તેના ઉપરથી આગામી વર્ષની આગાહી થાય છે. ત્યારબાદ દેવચકલીને ગામના મંદિરે લાવવામાં આવે છે અને દેવ-દેવીઓની સાક્ષીએ દેવચકલીને એક પાત્રમાં રાખેલા ઘી-ગોળ ખવડાવા માં આવે છે અને ત્યારબાદ આગેવાન આ દેવચકલીને ઉડાડી મૂકે છે. પછી ગામજનોનું દેવચકલી જે તરફ જાય ત્યાં પાછળ દોડી દેવચકલી ક્યાં બેસે છે તે જુએ છે. ઘી-ગોળ ખાઈને ઉડેલી દેવચકલી જેવા વૃક્ષ પર બેસે તે પરથી વર્ષ ફળ નક્કી કરવામાં આવે છે.

જો દેવ ચકલી લીલા ઝાડ પર બેસે તો વર્ષફળ સારું અને સૂકા ઝાડ પઈ જઈ બેસે તો નબળું આવે અને વાડ ઘર કે જમીન ઉપર બેસે તો વર્ષ મધ્યમ આવશે. તેવી આગાહી કરવામાં આવે છે. તેના પરથી આદિવાસી લોકો આખા વર્ષનો વર્તારો કાઢતા હોય છે. આ વર્ષે દેવચકલી લીલા ઝાડ પર જઈને બેસી હતી. તેથી આ ૨૦૨૪ નું વર્ષ સારું જશે અને બધા લોકોને ફળશે.

## ઘોઘંબાના ગુણેશીયા ગામે અયોધ્યા પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવના અક્ષત અને આમંત્રણ ઘરે ઘરે આપ્યું



ઘોઘંબા, ઘોઘંબા પ્રખંડ્ના ગુણેશિયા ઉપખંડમાં અયોધ્યા થી ભગવાન શ્રીરામની પ્રાણપ્રતિષ્ઠાનું અક્ષત આમંત્રણ તેમજ ફોટો પત્રિકા ઘરે ઘેર જય આપવામાં આવ્યું. તેમજ પાંચ પાંચ દીપ પ્રગટાવા આસોપાલવ તોરણ બાંધી રંગોળી પુરવાનુ આહવાન કરવામાં આવ્યું. જેમાં તાલુકા સંયોજક ઈશ્વરભાઈ, ઉપખંડના સંયોજક જસવંતસિંહ, સરપંચ વિનુભાઈ, ડે.સરપંચ જયેશભાઈ, દુધ મંડળીના ચેરમેન રયજીભાઈ, માજી ચેરમેન રણજીતભાઈ તથા સમસ્ત ગ્રામજનોએ હાજર રહી ધર્મ વિશે સમજ આપી ધાર્મિક કાર્યક્રમો કરવાનું આહવાન કરાયું હતું.

## કાલોલના પાધરદેવી થી વરવાડા જાવાના રસ્તા પહેલા રોડ ઉપર રાત્રીના સમયે રિપ્લેકટર વગર ટ્રેકટર ટ્રોલી સાથે બાઈક ચાલક અથડાતા મોત

કાલોલ, કાલોલ તાલુકાના પાધરદેવી થી વરવાડા ગામ જતા રસ્તા પહેલા રાત્રીના સમયે જાહેર રોડ ઉપર ટ્રેકટર ટ્રોલીની ડાબી સાઈડમાં દિશા સુચક નિશાની મુકયા વગરનું હોય જેને લઈ બાઈક લઈને પસાર થતાં ચાલક ટ્રેકટરની ટ્રોલી સાથે અથડાઈ જતાં ગંભીર ઈજાઓ થતાં મોત નિપજાવા પામ્યું. આ બાબતે કાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી.

પ્રાપ્ત વિગતો મુજબ કાલોલ તાલુકાના પાધરદેવી થી વરવાડા ગામ જતા રસ્તા પહેલા જાહેર રોડ ઉપર રાત્રીના સમયે ટ્રેકટર નંબર જીજે.૧૭.બીએ.૩૦૬૩ અને ટ્રોલીના માલિક અખ્તરખાન પઠાણ પોતાનું ટ્રેકટર ટ્રોલી રાત્રીના સમયે જાહેર રોડ ઉપર ડાબી સાઈડમાં કોઈ દિશા સુચક નિશાન મુકયા વગરનું હોય ટ્રેકટર માલિક જાણતા હોય કે દિશા સુચર રિપ્લેકટર વગરના ટ્રોલી ટ્રેકટર સાથે અથડાઈ શકે છે. તેમ છતાં રોડ ઉપર પાંક કરેલ હોય આ ટ્રોલી સાથે રાત્રીના સમયે પ્લેટીના બાઈક નં.જીજે.બીએફ.૯૬૯૦ના ચાલક અશ્વિનભાઈ બળવંતભાઈ બારીયા અથડાઈ જતાં ગંભીર ઈજાઓ થતાં મોત નિપજાવા પામ્યું. આ બાબતે કાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## ૨૦ જાન્યુઆરીથી રામનગરી અયોધ્યામાં બહારના લોકોને પ્રવેશ નહીં મળે

અયોધ્યા, ૨૦ જાન્યુઆરીથી રામનગરી અયોધ્યામાં બહારના લોકોને પ્રવેશ નહીં મળે. અયોધ્યા ધામ અને શહેરમાં રહેનારા લોકોને તેમના ઘર સુધી પહોંચવાની મંજૂરી આપવામાં આવશે. જોકે આ માટે તેમને ઓળખ પત્ર બતાવવું પડશે. અયોધ્યા ધામમાં રહેતા લોકોને પોલીસ તંત્રએ ૨૧ અને ૨૨ જાન્યુઆરીએ ન નિકળવાની અપીલ કરી છે. અયોધ્યા શહેરમાં ફક્ત એ જ લોકો પ્રવેશ કરી શકશે, જેમને શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ તરફથી આમંત્રણ મળ્યું છે અથવા તે શહેરના રહેવાસી છે.

૨૦ થી ૨૨ જાન્યુઆરી સુધી અયોધ્યા ધામ હાઈ સિક્યોરિટી ઝોનમાં રહેશે. રામનગરીની તમામ બોર્ડર સીલ રહેશે. ૨૦ જાન્યુઆરીથી જ અયોધ્યા ધામમાં બહારના વાહનોને પ્રવેશ ન આપવાની તૈયારી છે. આ વાહનોને ઉદયા ચોક, સાકેત પેટ્રોલ પંપ, નવા ઘાટ સહિત અન્ય એન્ટ્રી પોઈન્ટ પર રોકવામાં આવશે. માત્ર અયોધ્યા ધામમાં રહેતા લોકોને તેમના ઘર સુધી જવાની છૂટ અપાશે. જિલ્લાના અન્ય વિસ્તારોથી અયોધ્યા કેન્ટ વિસ્તારમાં આવનારા લોકોને શહેરમાં નહીં રોકવામાં આવે. તો તંત્ર તરફથી જાહેર કરાતા ડાયવર્ઝન પ્લાનનું પાલન કરીને શહેરના ડેસ્ટિનેશન સુધી જઈ શકશે.

અયોધ્યા પોલીસ કમિશ્નર પ્રવીણ કુમારે કહ્યું કે, અયોધ્યા ધામમાં ૨૦ જાન્યુઆરીથી માત્ર સ્થાનિક લોકોને પ્રવેશ મળશે. ફૈઝાબાદ શહેરમાં ડાયવર્ઝન સિવાય અન્ય માર્ગો પર લોકો જઈ શકશે. ડાયવર્ઝન પ્લાન શેર કરી દેવાશે. અયોધ્યાવાસી યજમાનની ભૂમિકામાં છે. તેમને અપીલ છે કે, મહેમાનોને કોઈ તકલીફ ન થાય, એટલા માટે તેઓ સહયોગ કરે. ૨૧ અને ૨૨ જાન્યુઆરીએ ન નીકળે.

પ્રાણ પ્રતિષ્ઠા ૨૨ જાન્યુઆરીએ થશે, જેના કારણે સામાન્ય નાગરિકો ૨૦ જાન્યુઆરીથી ત્રણ દિવસ સુધી રામલલાના દર્શન કરી શકશે નહીં. જણાવી દઈએ કે આ સિસ્ટમ માત્ર સામાન્ય લોકો માટે જ નહીં પરંતુ તમામ રાજ્યોના રાજ્યપાલો, મુખ્યમંત્રીઓ અને રાજદૂતો વગેરે માટે પણ ઉપલબ્ધ હશે. શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટે અપીલ કરી છે કે પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે રાજ્યપાલ, મુખ્યમંત્રી અને રાજદૂતો જેવા પ્રોટોકોલ વીવીઆઈપીઓએ અયોધ્યા ન આવવું જોઈએ.

રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા સમારોહ દરમિયાન જેમને આમંત્રણ છે તે લોકોને મંદિર પરિસરમાં કોઈપણ પ્રકારની ઈલેક્ટ્રોનિક વસ્તુ લઈ જવા દેવામાં નહીં આવે. આ સમયગાળા દરમિયાન મોબાઈલ-ઈલેક્ટ્રોનિક ઘડિયાળ, લેપટોપ, કેમેરા વગેરે લઈ જવા પર સખત પ્રતિબંધ છે. જે લોકો આ નિયમ તોડશે તેમના વિરૂદ્ધ કાયદાકીય કાર્યવાહી પણ થઈ શકે છે.

આ સાથે બેલ્ટ અથવા જૂતા પહેરીને મંદિરની અંદર પ્રવેશ નહીં મળે. આ સાથે કોઈપણ પ્રકારના ખાદ્યપદાર્થો સાથે મંદિર પરિસરમાં પ્રવેશ નહીં આપવામાં આવે. આ સમયગાળા દરમિયાન, ઘરના ખોરાકથી લઈને ફાસ્ટ ફૂડ પર સંપૂર્ણ પ્રતિબંધ છે. તો પર્સ, ઈયરફોન અથવા રિમોટ સાથેની કોઈ વસ્તુ હોય તો તમારે તેને પ્રવેશ દ્વાર પર છોડી દેવું પડશે. અત્રે ઉલ્લેખનીય છે કે, રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું લાઈવ ટેલિકાસ્ટ કરવામાં આવશે.

૨૨ જાન્યુઆરીએ અયોધ્યામાં રામલલાની પ્રાણપ્રતિષ્ઠા થવાની છે. ત્યારબાદ ૨૩ જાન્યુઆરીએ તમામ શ્રદ્ધાળુઓ દર્શન કરી શકશે. ટ્રસ્ટ એ સુનિશ્ચિત કરવાનું વિચારી રહ્યું છે કે કોઈ પણ ભક્ત દર્શન કર્યા વિના પાછા ન ફરે. ભીડના કિસ્સામાં રામલલાનો દરબાર ૧૫ થી ૧૮ કલાક સુધી ખુલ્લો રહી શકે છે. અયોધ્યામાં એક કાર્યક્રમ દરમિયાન રામમંદિર ટ્રસ્ટના મહાસચિવ ચંપત રાયે કહ્યું હતું કે, લોકોએ ૨૬મી જાન્યુઆરી પછી જ મંદિરમાં દર્શન માટે આવવું જોઈએ. ટ્રસ્ટના જનરલ સેક્રેટરીએ ખાતરી આપી હતી કે જ્યાં સુધી બધા જ લોકો દર્શન કરી લેશે નહીં, ત્યાં સુધી મંદિરના કપાટ ખુલ્લા રહેશે, પછી ભલે રાતના ૧૨ કેમ વાગ્યા ન હોય. જોકે, લોકો નારાજ થશે કે બાળકને આટલી રાત સુધી કેમ જગાડી રાખ્યું છે.

## ગોધરા વાવડી બુઝર્ગ જલારામ મંદિર શ્રીરામ સોસાયટીમાં રોડ ઉપર ઠલવાતા ગંદા પાણીથી રહિશો પરેશાન



ગોધરા, ગોધરા વાવડી બુઝર્ગ જલારામ મંદિર રોડ ઉપર આવેલ શ્રીરામ પાર્ક સોસાયટીમાં એક રહિશ દ્વારા ગંદુપાણી ઘર બહાર ફેંકી રોડ ઉપર ઠલવતા હોય જેને લઈ કોઈ રહેવા જાય તો ગમે તેમ વર્તન કરતાં હોય ત્યારે ગંદકી કરતાં વ્યકિત સામે પોલીસ કાર્યવાહી કરે તેવી માંગ કરી છે.

ગોધરા જલારામ મંદિર રોડ ઉપર આવેલ શ્રીરામ પાર્ક સોસાયટીમાં રોડ ઉપર સ્થાનિક રહિશ દ્વારા ગંદુ અને અન્ય પાણી રસ્તા ઉપર કાઢવામાં આવતું હોય જેને લઈ સોસાયટીના રહિશો પરેશાન થઈ રહ્યા છે. આ બાબતે કોઈ કહેવા જાય તો સાંભળતા નથી. ત્યારે જાહેર સોસાયટી અને મંદિર તરફ જતાં રોડ ઉપર પાણી ઠાલવી ગંદકી ફેલાવતા હોય ત્યારે ગોધરા નગર પાલિકા દ્વારા કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ કરાઈ છે.

## આપની આજ.......

મેષ (અ,લ,ઈ) : જ્ઞાન વૃધ્ધિનો યોગ બનશે વિદ્યાર્થીઓને સ્પર્ધાઓમાં સફળતા મળશે. ઘણા દિવસથી અટકેલા પૈસા આજે મળી શકશે.

વૃષભ (બ,વ,ઉ) : સાથી પ્રત્યે નિકટતા અને ભાવુકતા રાખવી સ્થાયી સંપત્તિની આકાંક્ષા પૂર્ણ થવાના યોગ છે વ્યવસાયના ક્ષેત્રમાં લાભ થશે.

મીથુન (ક,છ,ઘ) : અટકેલા નાણાં પ્રાપ્ત થશે ભૂમિ મકાન વગેરે ખરીદનો યોગ બનશે શિક્ષાર્થીઓએ નવીન ભાવુકતા ત્યાગવી નહીં તો હાનિ થઈ શકે છે.

કર્ક (ડ,હ) : જમીન સંબંધી કાર્ય બનવાના યોગ છે નવી યોજનાઓ પ્રારંભ થશે પોતાના પ્રયત્નોથી જ લોકપ્રિયતા અને સામાજિક સન્માન પ્રાપ્ત કરશો.

સિંહ (મ,ટ) : ભુલ કરવાથી વિરોધી હાવી થઈ શકે છે. સમસ્યાઓનો ઉકેલ બુધ્ધિમત્તાથી કરવો વ્યવસાયિક લાભ મળશે. કોઈથી ભેટ મળે તેવી શકયતા છે.

કન્યા (પ,ઠ,ણ) : સફળ યાત્રાનો યોગ છે વિદ્યાર્થીઓએ શિક્ષા પર પર્યાપ્ત ધ્યાન આપવું પડશે દેવાની ચિંતા ઓછી થશે.પરસ્પર સંબંધોને મહત્વ આપો.

તુલા (ર,ત) : આર્થિક પ્રકરણોમાં વિશેષ અનુસંધાન વગેરેનો યોગ કુટુંબમાં માંગલિક કાર્ય થસે રોગ શત્રુ વિવાદ વગેરેમાં ખર્ચનો યોગ

વૃશ્ચિક (ન,ય) : માનસિક ત્રાસદીથી બચવું આવકના સ્ત્રોતોથી વિશેષ લાભનો યોગ ધાર્મિક યાત્રાનો યોગ જળ વિભાગોથી ભાગ્યવર્ધક સફળતા મળશે.

ધન (ભ,ધ,ફ) : ગૃહ આર્થિક કાર્યોમાં વિશેષ ચિંતનનો યોગ ગૃહ શોધનો યોગ અવિવાહિતો માટે વિવાહ સંબંધી યોગ કુટુંબમાં શુભ કાર્ય થશે.

મકર (ખ,જ) : રોગ ઋણ શત્રુ વાહન ભવન પ્રતિષ્ઠા સંબંધી વિવાદોથી બચવું ગૃહ આર્થિક બાબતોમાં વિશેષ આર્થિક લાભ પ્રાપ્તિનો યોગ.

કુંભ (ગ,શ,સ) : શિક્ષા,સંતાન પક્ષ સંબંધી કાર્ય થશે ઉપલબ્ધિઓ પ્રાપ્તનો યોગ પદ પ્રતિષ્ઠા પ્રાપ્તિનો યોગ સામાજિક કાર્યોમાં સફળતાનો યોગ.


મીન (દ,ચ,ઝ,થ) : નીતિગત કોર્ટ કચેરીની સમસ્યાઓમાં સમય વીતશે શિક્ષણ,જ્ઞાન ધર્મ સંબંધી કાર્યોમાં વિશેષ ઉપલબ્ધિ પ્રાપ્તિનો યોગ.


**દાહોદ આવૃત્તિ**
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

**પંચમહાલ સમાચાર**

### વિકાસ અને સ્વચ્છતાની મોટી મોટી વાતો વચ્ચે સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૨૩ માં

# એકતામાં અનેકતા માનનારા દાહોદની ગંદી પીછેહઠ : સ્વચ્છતાના રાજ્યના માપદંડમાં ચોથા ક્રમાંકથી દાહોદ આઠમા ક્રમાંકે ધકેલાયું





તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,
દાહોદ શહેરના ચૂંટાયેલા કાઉન્સિલરો પૈકીના મોટાભાગના કાઉન્સિલરો સ્વચ્છતામાં નાપાસ થતા સ્વચ્છતાના રાજ્યના માપદંડમાં દાહોદ શહેર ચારમાંથી સીધું આઠમા ક્રમાંકે ધકેલાતા વિવિધતામાં એકતાને માનનારા દાહોદની સ્વચ્છતામાં થયેલી ''ગંદી'' પીછેહઠના કારણે સ્વચ્છતાના પાઠ ભણાવવા બોલાવવામાં આવેલી ઈન્દોરની ટીમ પાછળ કરેલ લાખોનો ખર્ચ પાણીમાં કાઢ્યાનું મનાઈ રહ્યું છે.

વિકાસ અને સ્વચ્છતાની વાતો વચ્ચે સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૨૩ના જાહેર થયેલા પરિણામોમાં રાજ્યમાં દાહોદ ચોથા નંબરેથી આઠમા નંબરે ધેકેલાઈ ગયું છે. સાથે સાથે જીલ્લાની અન્ય બે નગરપાલિકા ઝાલોદ ૪૪ માં ક્રમેથી ૧૨૮ માં ક્રમે અને દેવગઢ બારીયા ૨૪ માં નંબરેથી ૯૪ માં નંબરે ધકેલાઈ ગયા છે. દાહોદ નગરપાલિકાની સાથે સાથે દેવગઢ બારીયા તથા ઝાલોદ નગરપાલિકા પણ શહેરને સ્વચ્છ રાખવાની હરીફાઈ માં ગત વર્ષની સરખામણીમાં નોંધપાત્ર રીતે પાછળ ધકેલાતા સ્વચ્છતા અભિયાનના નામે, કરાયેલા વિવિધ કાર્યક્રમો તાયફા રૂપ સાબિત થયા છે. અને શહેરના મોટાભાગના પ્રતિનિધિઓ ઘર આંગણે સ્વચ્છતામાં નાપાસ જોવા મળ્યા છે. દાહોદ શહેરમાં ઠેર ઠેર જોવા મળતા દુર્ગંધ મારતા કચરાના ઢગ અને ઠેર ઠેર ઉભરાતી શહેરની ગટરોને મામલે પાલિકાના લાગતા વળગતા અધિકારીઓ દ્વારા સવેલી નીરસતા જ શહેરને સ્વચ્છતાના મામલે ચોથા નંબરેથી આઠમા નંબરે ધકેલવામાં મહત્તમ જવાબદાર હોવાનું લેખાઈ રહ્યું છે. સફાઈને મામલે લોકશાહીની ચોથી જાગીરે પણ અખબારી માધ્યમો દ્વારા કરવામાં આવેલા પાલિકાના અધિકારીઓ તથા પદાધિકારીઓના કાન આમળવાના પ્રયાસો પણ માથે પડ્યા છે. દાહોદની ધરોહર એવી પવિત્ર મનાતી પૂર્વાભિમુખ દુધીમતિ નદીની પારાવાર ગંદગી પણ સ્વચ્છતાના મામલે ગંદા દાહોદ માટે જવાબદાર લેખાઈ રહી છે. જે જન પ્રતિનિધિઓ પોતાના ઘરની આંગણે જ સ્વચ્છતા નથી રાખી શકતા તેમની પાસે સ્વચ્છતાની શું અપેક્ષા રાખવી? એ દાહોદવાસીઓએ સમજી લેવાની જરૂર છે. સમગ્ર દેશમાં મધ્યપ્રદેશના ઈન્દોર શહેરનો સ્વચ્છ સર્વેક્ષણમાં આ વખતે પણ પ્રથમ નંબર આવતા દાહોદ નગરપાલિકા દ્વારા સ્વચ્છતાના મામલે માર્ગદર્શન માટે ઈન્દોરની ટીમને પણ બોલાવવામાં આવી હતી. અને તે ટીમે ચાર માસ સુધી દાહોદમાં રહી સ્વચ્છતા બાબતે માર્ગદર્શન પૂરૂં પાડ્યું હતું. અને આ ટીમનો એક માસનો ખર્ચ ચાર લાખ રૂપિયા લેખે ગણતા ચાર માસના રૂપિયા ૧૬ લાખ ખર્ચ થયાનું બિન સત્તાવાર રીતે જાણવા મળ્યું છે. પરંતુ ૧૬ લાખનો ખર્ચો કર્યા પછી પણ દાહોદ સ્વચ્છ સર્વેક્ષણમાં ચોથા ક્રમાંક પરથી આઠમા ક્રમાંક પર ધકેલાતા વિવિધતામાં એકતાને માનનારા દાહોદ શહેરની આ મામલેની ગંદી પીછે હઠ માટે જવાબદાર કોણ? તે પ્રશ્નનો જવાબ મેળવવો દાહોદ વાસીઓ માટે અત્યંત જરૂરી થઈ પડ્યો છે. અને સફાઈના નામે અધિકારીઓ દ્વારા કરવામાં આવી રહેલા ધતિંગ સામે જન પ્રતિનિધિઓ દ્વારા આંખ આડા કાન ન કરી તેમના કાન મરોડવામાં આવે અને શહેરને સ્વચ્છ રાખવા માટે જરૂરી તમામ પગલાં લેવામાં આવે તે જરૂરી છે. કારણ કે થોડા સમય પહેલા દાહોદ નગરપાલિકાના પદાધિકારીઓ, અધિકારીઓ તથા નેતાગણ જેવા મહાનુભાવો દાહોદ શહેરના ચોખ્ખા ચણક રસ્તા પર સાવરણા પકડી ફોટા પડાવતા દેખાયા હતા અને તે ફોટા પણ મોજુદ છે. તેમના આવા દેખાડાને કારણે જ સ્વચ્છ સર્વેક્ષણમાં દાહોદ ચોથા પરથી આઠમા ક્રમે ધેકેલાઈ જતા સ્વચ્છતાના મામલે દાહોદની જનતાને શરમજનક સ્થિતિમાં મુકાવું પડ્યું છે.

## લીમડી નજીક બિલવાણી ગામમાં સહસ્ત્રચંડી મહાયજ્ઞનું ભવ્ય આયોજન

દાહોદ,
દાહોદ જીલ્લાના ઝાલોદ તાલુકાના લીમડી ગામ નજીક બિલવાણી ખાતે પ્રવર્તમાન સંજોગો અને ખાસ કરીને ભારત વર્ષમાં સુખ શાંતિ સમૃદ્ધિ સાથે લોક કલ્યાણ રામ મંદિર નિર્માણ હેતુ એકાદશ કુંડીય સહસ્ત્રચંડી મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. તારીખ ૧૬ મી જાન્યુઆરી થી ૨૧મી જાન્યુઆરી દરમિયાન આ યજ્ઞમાં ગ્રહો અને નક્ષત્ર પ્રમાણે ૧૧ જેટલા યજ્ઞ કુંડબનાવવામાં આવેલ છે. જેમા સવાર ના ૧૦:૦૦ કલાક થી બપોર ના ૩:૦૦ કલાક સુધી યજ્ઞ મા દરરોજ ૫૧ જેટલા જોડા (યજમાન) તરીકે બિરાજમાન થનાર છે.

બિલવાણી ગામે યજ્ઞ ની શરૂઆત મા ૧૦૦૧ દુર્ગા સપ્તસતી પાઠથી કરવામા આવ્યુ છે. આ જગ્યામાં ખાસ બનારસ ઈન્દોર થી પધારેલ ૨૧ જેટલા પંડિતો દ્વારા પૂજા હવન કરાવનાર છે આ યજ્ઞમાં આચાર્ય પદ વેદ પાઠી વિદ્યાન બ્રાહ્મણ પ્રવીણ પુરોહિતજી ઉજ્જૈનનાના સાનીધ્યમા મહાયજ્ઞ યોજાશે. આ મહાયજ્ઞમા ખાસ કરીને દેશભર માથી સંતો, મહંતો,મંડલેશ્વર, મહામંડલેશ્વરના મહાનુભાવો પણ પધારનાર છે.

આ છ દિવસ ના મહાયજ્ઞમાં ગુજરાત સરકારના મંત્રીઓ ધારાસભ્ય સાંસદ વગેરે પણ ઉપસ્થિત રહેનાર છે. શાસ્ત્ર અને ધર્મગ્રંથોના નિર્દેશ મુજબ ચાર એકર જમીનમાં યજ્ઞશાળા બનાવવામાં આવી છે. જેમાં મંદિર,ગૌશાળા,સંતકૂટીર, ભોજનશાળા વગેરેનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. દરરોજ મોટી સંખ્યામાં આસપાસ ના ગામ ના તેમજ જીલ્લાભર માથી લોકો ભાગ લેનાર છે.

આ મહાયજ્ઞમાં પ્રથમ દિવસે પ્રાયશ્ચીત કર્મ, દસ વીધીસ્નાન, શોભાયાત્રા, મંડપ પ્રવેશ તથા મંડળ સ્થાપના યોજાશે. જયારે બિજા દીવસે અગ્નિસ્થાપના, મંડળ પુજન, સગ્રહમખ, દુર્ગા સપત્મી પાઠહવન તેમજ સાંજે મહા આરતી કરવામા આવશે.

ત્રીજા દિવસે મંડળ પુજન, સંગ્રામક દુર્ગા સપ્તશતી પાઠ દ્વારા હવન તથા મંડલ આહુતિ તેમજ સાંજે ૭:૦૦ કલાકે મહા આરતી તેમજ ભજન સંધ્યા રાત્રે ૮ વાગ્યાથી શરૂ કરવામાં આવશે તેમજ ચોથા દિવસે મંડળ પૂજન સંગ્રહ્મક ,લલિતા સહસ્ત્ર નામાવલી, દ્વારા હવન તથા દુર્ગા સપ્તમી પાઠ દ્વારા હવન સાંજે ૭:૦૦ વાગે મહા આરતી તેમજ રાત્રે ડાયરો વિજય ગઢવી કલાકાર દ્વારા આયોજીત કરવામાં આવ્યું છે. પાંચમા દિવસના દિવસે મંડળ પૂજન, સગ્રહમખ દુર્ગાસપ્તશતી પાઠ દ્વારા હવન તથા મંડળ આહુતિ સાંજે ૭:૦૦ વાગે મહા આરતી તેમજ તે દિવસે સૌભાગ્યવતી અને કન્યા પૂજનનું પણ આયોજન કરવામાં આવ્યું છે. તેમ જ રાત્રી દરમિયાન સુંદરકાંડનુ પણ ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. છઠ્ઠા દિવસના અંતે પૂર્ણાહુતિ, મંડળ પૂજન ગ્રહશાંતિ હવન ૧૦ દીકપાલ,બલી ક્ષેત્રપાલ, બલિપ્રધાન વસોધારા તથા મહાઆરતી કર્યા બાદ પૂર્ણાહુતિ કરવામાં આવશે. તેમજ સમગ્ર કાર્યક્રમમા ધર્મ જાગૃત ચેતના ગ્રુપ અને આયોજક મુકશભાઈ લબાના(ખચ્ચર) દ્વારા દાહોદ જીલ્લાની જનતાને કાર્યક્રમનો લાભ લેવા અનુરોધ કર્યો છે.

## દાહોદ શહેર સહિત જીલ્લામાં ઉત્તરાયણ પર્વની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરાઈ

દાહોદ,
દાહોદ શહેર સહિત જીલ્લામાં ઉત્તરાયણ પર્વની પતંગ રસીયાઓમાં હર્ષોઉલ્લા સાથે ઉજવણી કરવામાં આવી હતી ત્યારે ઉતરાયણના બીજા દિવસે એટલે કે વાસી ઉતરાયણના દિવસે પણ પતંગ રશિયાઓએ પતંગ ઉડાડી ખૂબ મજા માણી હતી.

ઉત્તરાયણ પર્વની તૈયારીઓને લઈ દાહોદ શહેર સહિત જીલ્લાવાસીઓમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. ઉત્તરાયણ પર્વના દિવસે અને ઉત્તરાયણના દિવસે સારી હવાના કારણે પતંગ રશિયાઓમાં મોજ પડી જવા પામી હતી. ઉત્તરાયણના એક અઠવાડીયા પહેલા પતંગ બજારમાં ભારે મંદીનો માહૌલ જોવા મળી રહ્યો હતો. પહેલા જેવી ઉત્તરાયણની ઘરાકીમાં માહૌલ જોવા મળતો ન હોવાની વેપારીઓમાં ગણગણાટ પણ સાંભળવા મળતો હતો. દર વર્ષની જેમ આ વર્ષે પણ ઉત્તરાયણના બે દિવસ પહેલા પતંગ બજારમાં લોકોની ભારે ભીડ જોવા મળી હતી . પતંગ બજારમાં પતંગની ખરીદી કરવા તેમજ માંજો રંગાવવા માટે લોકોની મોડી રાત્રી સમય સુધી ભીડ જોવા મળી હતી. ઉત્તરાયણ પર્વ ના દિવસે લોકોએ ડી.જે. સિસ્ટમ સહિતના સાધનો પણ પોત પોતાના ધાબાઓ ઉપર ઉતરાયણ પર્વની નાચ કાન સાથે મોજ માણી હતી. છેલ્લા બે-ત્રણ દિવસની દાહોદ શહેર સહિત જીલ્લામાં વાદળછાયા વાતાવરણ વચ્ચે કમોસમી વરસાદ પડતાં પતંગ રસીયાઓમાં ચિંતાનો માહૌલ જોવા મળ્યો હતો, પરંતુ ઉતરાયણના દિવસે વાતાવરણ ચોખ્ખું થઈ જતા પતંગ રશિયાઓમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. ઉતરણ અને વાસી ઉતરાયણના દિવસે દાહોદ શહેર જીલ્લા વાસીઓએ જલેબી ઊંધિયું ફાફડાની મહેરબાની માણી હતી અને પોત પોતાના ધાબા પર રાત્રિના સમયે ફટાકડા ફોડી ઉતરાણે પર્વની ધામધૂમ પૂર્વક ઉજવણી કરી હતી.

## ડોકટરની બેદરકારીને કારને મહિલાનું મોત પરિવાર જનોનો આક્ષેપ મહીલાના મૃતદેહને પોસ્ટ મોર્ટમ અર્થે ખસેડી પોલીસ કાર્યવાહી હાથ ધરી હોવાનું જાણવા મળે છે

દાહોદ,
દાહોદ તાલુકાના સીમલીયાખુર્દ ગામના પટેલ ફળિયામાં રહેતી ૨૫ વર્ષીય મહીલાને પ્રસ્તુતિ પીડા ઉપડતા પરિવાર જનો દ્વારા દાહોદના ડો હાડા ના ખાનગી હોસ્પિટલમાં માત્ર તપાસ કરાવવા માટે બપોરના ૧ વાગ્યાંની આસપાસ સમય દરમિયાન લાવવામાં આવ્યા હતા. ત્યાર બાદ મહિલાની ૬ વાગ્યાંની આસપાસ બાળકને જન્મ આપ્યા બાદ તબીબો દ્વારા કહેવામાં આવ્યું કે મહિલાની તબીયત વધુ ખરાબ થઈ ગઈ છે. તેમને વધુ સારવાર માટે વડોદરા ખાતે લઈ જવા પડશે. જેને લઈ પરિવારજનોએ તાતકાલીક એમ્યુલેન્સ મારફતે મહિલાને વડોદરા લઈ જતાં મહિલાનું રસ્તામાં મોત નીપજતા પરીવાર જનોમાં શોકનું માતમ ફરી વડ્યું હતું. મહિલાના મોતના પગલે ક્યાંકને ક્યાંક પરિવાર જનોમાં રોષ જોવા મળ્યું હતું. ત્યારે પરિવાર જનોએ મહિલાના મૃતદેહને પરત દાહોદના ખાનગી હોસ્પિટલ લાવી હોસ્પિટલના તબિબોની બેદરકારી કારને મહિલાનું મોત થવાના આક્ષેપો કરી હોસ્પિટલ ખાતે હોબાળો મચાવ્યો હતો. હોસ્પિટલ ખાતે મહિલાના પરિવારજનો દ્વારા હોવાળો થયા હોવાની જાણ દાહોદ એ ડીવીઝન પોલીસને તથા પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી જઈ પરિવાર જનોને ભારી સમજાવટ બાદ મૃતદેહને પોસ્ટ મોર્ટમં અર્થે ખસેડવામાં આવ્યો છે. હાલતો હોસ્પિટલના તબિબની બેદરકારીના કારણે મોત થઈ છે. જેથી હોસ્પિટલના તબિબ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે એવી માંગ પરિવારજનો દ્વારા કરવામાં આવી છે.

## દે.બારીયા નગર પાલિકા સફાઈમાં પાછળ કેમ ???



તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીયા,
સ્વચ્છતા સર્વેક્ષણ ૨૦૨૩માં દે.બારીયા નગર પાલિકાનો કયો નંબર આવ્યો છે. પાછળ છે કે આગળ વધી તે કોઈ શહેરના નાગરિકને જાણ નહી હોય હાલમાં ૧૪મી જાન્યુઆરીથી ૨૨ જાન્યુઆરી સુધી સફાઈ અભિયાનની ઝુંબેશ શરૂ કરવાની સરકારે જાહેરાત કરી છે. તેમ છતાં દે.બારીયા શહેરમાં દરેક જગ્યાએ જાહેર ઉકરડા કચરાના ઢગથી ભરેલા છે. તેમજ નદી-તળાવ જેવા જળસ્ત્રોતની પણ સફાઈ કરવામાં પણ પાલિકા નાકામ છે. તથા દે.બારીયા શહેરમાં રજવાડી સમયના કુવા-વાવો પણ દરેક ફળીયામાં આવેલા છે. તે જુના કુવારૂપી જળસ્ત્રોતની સફાઈ પણ દેખવા મળતી નથી. તથા વરસાદી કાંસો જેમાં પુષ્કળ કાદવ-કીચડ ભરેલા છે. તેમ છતાં તેની સાફસફાઈ થતી નથી.

ડોર ટુ ડોરના વાહનોમાં કમી કરીને તેમાં પણ કટકી થઈ રહી છે. શરૂઆતના સ્વચ્છતા અભિયાન વખતે ત્રણ-ચાર વાહનો અલગ અલગ વિસ્તારોમાં ડોર ટુ ડોર કચરો કલેક્શન કરતા હતા. હાલમાં એક જ વાહન ફરી રહ્યું છે. તેમાં મોટું કૌભાંડ થવાની ભીંતી સેવાઈ છે. કોઈ જ પુછવાવાળો નથી કેમ કે અંદરના મળતીયાનો કોન્ટ્રાક્ટર ચાલી રહ્યો છે. તેમાં નીચેથી ઉપર સુધી મેળાપીપણા છે. સ્વચ્છતા પાછળ કરોડોની ગ્રાન્ટ ફળવાય છે. પણ તે ગ્રાન્ટ કયાં વપરાય રહી છે. કોઈ મોટો બદલાવ સ્વચ્છતામાં દેખવા મળતો નથી. શું ? આ રિપોર્ટ વાંચયા બાદ વડોદરા ઝોનના કમિશ્નર તપાસ કરવા માટે તસ્દી લેશે ! ખરાં કે પછી જેમ ચાલે છે તેમજ ચાલતુ રહેવાનું છે. તે આવનારો સમય બતાવશે.

## ઝાલોદ વણકતલાઈ મંદિરે અયોધ્યામાં યોજાનાર શ્રીરામના પુન : પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અંતર્ગત નગરના કાર્યક્રમો અંગે મીટિંગ યોજાઈ



તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

ઝાલોદ,
તારીખ ૧૪-૦૧-૨૦૨૪ રવિવારના રોજ રાત્રીના ૦૮:૦૦ વાગે અયોધ્યામાં શ્રીરામ ભગવાનનો પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ જે ઉજવાઈ રહેલ છે, તે ઉત્સવને નગરમાં કેવી રીતે ઉજવવું તે અંગે નગરના સહુ ઉપસ્થિત લોકોના વિચારો જાણવા માટે એક મીટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. નગરમાં મર્યાદા પુરૂષોત્તમ શ્રીરામનો પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની મંગલબેલાને બિરદાવવા નગરમાં ૨૧ તારીખે રાત્રે રામ જાગરણ થકી વિવિધ ભજન મંડળીઓ દ્વારા શહિદ રાજેશ ચોક ખાતે રાત્રીના ૦૮ કલાકે આખી રાત ચાલનાર છે. ત્યાર બાદ ૨૨ જાન્યુઆરીએ નગરના લોકો દ્વારા રામધૂન સાથે પ્રભાત ફેરી તેમજ ત્યારબાદ બપોરે ૧૨ વાગ્યા પછી વિવિધ મંદિરોમાં ઘંટનાદ કરી અયોધ્યામાં થનાર પ્રતિષ્ઠા મહોત્સવને લાઇવ જોશે અને પ્રતિષ્ઠા મહોત્સવ સંપન્ન થતાં રામના જય જયકાર સાથે આરતી કરવામાં આવનાર છે. ભગવાન શ્રી રામના પ્રતિષ્ઠા મહોત્સવને નગરના ધાર્મિક લોકો દ્વારા વધાવી મહાપ્રસાદનું આયોજન વણકતલાઈ મંદિરે ૦૧ વાગ્યાથી ચાલશે, જે સાંજના ૫ વાગે સમાપન થઈ જસે. તેમજ નગરના સહુ લોકો ૨૨ જાન્યુઆરી એ ભગવાન રામનો ઉત્સવ વિશેષ રીતે ઉજવવા નગરમાં વ્યાપાર રોજગાર સ્વેચ્છાએ બંધ રાખનાર છે. આ સમગ્ર કાર્યક્રમને ઉપસ્થિત સહુ લોકોએ સંપૂર્ણ સહકાર આપી ઉત્સવ ઉજવવા સહમત થયા હતા.

## ગરીબોને મિષ્ટાન્ન ભોજન અને રોકડ આપી આહાર ખાતે ઉતરાયણની અદભુત ઉજવણી



તારીખ.૧૪-૧-૨૪ને ઉતરાયણના દિવસે આહારના તમામ લાભાર્થીઓને પૂરી, ઉંધીયું, ફાફડા, જલેબી, ખીચડો, કઢી, તલ સાંકળી, સહિતનું પાકું ભોજન અને દરેકને રૂપિયા ૫૧ રોકડા તથા કામધેનું ગૌશાળા માં ગાયોને ગોતું,ખીચડો,અને ગોળ આપીને ખુશીઓ વહેંચીને ઉતરાયણની અદભુત રીતે ઉજવણી કરવામાં આવી.

## ઝાલોદ તાલુકાની ફુલપુરા મુખ્ય પ્રાથમિક શાળામાં મકરસક્રાંતિપર્વની ઉત્સાહભેર ઉજવણી કરાઈ



ઝાલોદ,
ઝાલોદ તાલુકાની ફુલપુરા મુખ્ય પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના બાળકોને ઉતરાયણ પર્વ ઉત્સાહ અને ઉમંગથી ઉજવે તેવા ઉમદા હેતુથી આ શાળાના આસિસ્ટન્ટ શિક્ષક પરમાર નરેશભાઇ ડી. અને બીજા શિક્ષક ડીંડોર કિરીટ કુમાર.એમ દ્વારા બાલ વાટિકા થી લઈને ધોરણ ૧ થી ૮ ના ૩૫૦ બાળકોની પતંગ, ચીક્કી અને પૈવાનું વિતરણ કરવામાં આવ્યું હતું. ગામ, શાળાના બાળકો અને શિક્ષક સ્ટાફ ગણ વચ્ચે આવા લાગણીના સંબંધો હંમેશા બની રહે, તેમ જ ફુલપુરા મુખ્ય પ્રાથમિક શાળાની પ્રગતિ અને ઉન્નતિની પતંગ આમ જ ચગતી રહે.

## દાહોદના કથોલીયા ગામે પતંગ ચગાવતી વખતે ૧૦ વર્ષીય બાળકને વીજ વાયરથી કરંટ લાગતા બાળકનું મોત

દાહોદ,
દાહોદ જીલ્લાના કથોલીયા ગામે એક દસ વર્ષીય યુવકને પતંગ ચગાવતી વેળાએ ધાબા પરથી પસાર થઈ રહેલ વીજ વાયરો મારફતે વીજ કરંટ લાગતા તેમજ ઝાલોદ તાલુકાના લીમડી નગરમાં રહેતા એક ૨૬ વર્ષીય યુવક પતંગ ચગાવતી ધાબા પરથી અટકાતા તેમનું પણ મોત નીપજ્યું હતું. આમ દાહોદ જીલ્લામાં ઉતરાયણ પર્વ દરમિયાન એક બાળક તેમજ એક યુવકનું મોત નીપજતા પરિવારમાં ગમગીની છવાઈ ગઈ હતી. કથોલીયા ગામે રહેતા દસ વર્ષીય સિદ્ધાર્થ નામક યુવક ગતરોજ ઉતરાયણ પર્વના દિવસે પોતાના ઘરના ધાબા પર પતંગ ચગાવી રહ્યો હતો. તે સમયે ધાબા ઉપરથી પસાર થઈ રહેલ ચાલુ વીજ કેબલોમાં પતંગનો દોરો ફસાઈ ગયો હતો. આ પતંગનો દોરો કાઢતા સમયે ૧૦ વર્ષીય સિદ્ધાંતને અચાનક વીજ કરંટ લાગતા સિદ્ધાર્થ નું ઘટના સ્થળ પરજ મોત નીપજ્યું હતું. ઘટનાને પગલે પરિવારજનોમાં ગમગીની છવાઈ ગઈ હતી. ઘટનાની જાણ સ્થાનિક પોલીસને કરવામાં આવતા પોલીસ કાફલો પણ સ્થળ પર દોડી ગયો હતો. પોલીસે મૃતક બાળકનો કબજો લઈ તેને પીએમ માટે નજીકના દવાખાને મોકલી આપવામાં આ આવ્યા હતા. ત્યારે બીજી તરફ ઝાલોદ તાલુકાના લીમડીમાં રહેતા ૨૬ વર્ષીય નરેશ મોરી નામક યુવક પોતાના ધાબા પર પતંગ ચગાવી રહ્યો હતો તે સમયે બે વખતે પતંગ ચગાવતી પહેલા એ ધાબા પરથી નીચે પટકાતા તેમનું પણ મોત નીપજતા પરિવારમાં ગમગીની છવાઈ ગઈ હતી. આ સંબંધે મૃતકના પરિવારના સદસ્ય દ્વારા સ્થાનિક પોલીસ મથકે જાણ કરતા પોલીસે અકસ્માત મોતના ગુનાના કાગળો કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.122

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર



# આયે ઢીલ દે ઢીલ દે દે રે ભૈયા.... ઉસ પતંગ કો ઢીલ દે....

# પંચમહાલ જીલ્લા સહિત ગોધરા ઉત્તરાયણના પર્વની ધામધૂમથી ઉજવણી કરાઈ

## વાતાવરણ કાપ્યો છે... લપેટ...લપેટથી ગુંજી ઉઠ્યું.

ગોધરા, પંચમહાલ જીલ્લા સહિત ગોધરા શહેરમાં ઉત્તરાયણના પર્વની ધામધૂમથી ઉજવણી કરાઈ વહેલી સવારથી પતંગ રસીયાઓ પતંગ દોરી સાથે આકાશી યુધ્ધ લડવા માટે તૈયારીઓ સાથે ધાબા ઉપર ગોઠવાઈ ગયા હતા. ઉત્તરાયણના દિવસે પવન સારો રહેતા પતંગ રસીયાઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. કાપ્યો છે... લપેટ...લપેટના બુમોથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. દિવસ દરમિયાન આકાશ રંગબેરંગી પતંગોથી છવાઈ ગયું હતું.

ઉત્તરાયણના પર્વએ દાનપુણ્યનું અનોખું મહત્વ હોય છે. જેને લઈ ગોધરા શહેરની ધર્મપ્રેમી લોકો વહેલી સવારથી ગાયોને ઘુઘર અને ઘાસ ખવડાવવા અને મંદિરોમાં દર્શન માટે ઉમટી પડયા હતા અને લોકોએ પોતાની યથાશકિત દાનપુણ્ય કરીને પુણ્યનું ભાથું બાંધતા જોવા મળ્યા હતા.

ઉત્તરાયણના પર્વએ ઉંધીયા, જલેબી અને ફાફડાની લોકોએ જયાફત માણી હતી. જીલ્લામાં ઉત્તરાયણના પર્વએ લોકો હજારો કિલો ઉંધીયું, જલેબી અને ફાફડાની પેટમાં પધરાવી ગયા હતા. દિવસ દરમિયાન પતંગ રસીયાઓ પતંગની મોજ માણયા બાદ મોડી સાંજે ફટાકડા ફોડીને ઉત્તરાયણના પર્વને યાદગાર બનાવતા જોવા મળ્યા.

## ઉત્તરાયણના પર્વએ પતંગ દોરીથી બાઈક ઉપર પિતા સાથે આવતા શહેરા બોરડીના ૫ વર્ષીય બાળકનું ગળું કપાતા મોત

### - ગોધરામાં પ્રતિબંધીત ચાઈનીઝ દોરી ઘસાઈ જતાં ૮ વ્યકિતને ઈજાઓ.
### - મહેલોલમાં પતંગ લુંટવા જતાં ધાબા ઉપરથી પડતા કિશોરનો હાથ ભાગ્યો.



ગોધરા, પંચમહાલ જીલ્લામાં ઉત્તરાયણના પર્વએ શહેરા તાલુકાના બોરડી ગામના ૫ વર્ષીય બાળક પિતા સાથે બાઈક ઉપર મામાના ઘરેથી પરત આવી રહ્યો હતો. ત્યારે વાડીનાથ ખારોલ પાસે પતંગ દોરી બાળકના ગળામાં આવી જતાં બાળકનું ગળું કપાઈ ગયું હતું. બાળકને સારવાર માટે કોઠંબા સરકારી દવાખાનામાં લઈ જવાયો હતો પરંતુ સારવાર મળે તે પહેલા બાળકનું મોત નિપજાવા પામ્યું. માસુમ બાળકના મોતથી પરિવારજનોમાં માતમ ઘસડી જવા પામ્યો છે.

ગોધરા શહેરમાં પ્રતિબંધીત ચાઈનીઝ દોરીથી બે બાઈક ચાલકોના ગળામાં દોરી ઘસાઈ જતાં ઈજાઓ થતાં દવા સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જ્યારે ગોધરા તાલુકાના મહેલોલ ગામે વણકરવાસમાં રહેતા વનરાજ પરમાર નામનો કિશોર ધાબા ઉપરથી પતંગ લુટવા જતાં ધાબા ઉપરથગી નીચે પડી જતાં હાથ ભાગી જતાં કિશોરને સારવાર માટે ૧૦૮ મારફતે ગોધરા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો.

અન્ય એક બનાવમાં કાલોલ તાલુકાના ખંડોળી અને સમા ગામના ત્રણ વ્યકિત બાઈક ઉપર કાલોલઘ-ગોધરા માર્ગ ઉપર જઈ રહ્યા હતા. ત્યારે બાઈક આગળ પતંગ દોરી આવી જતાં બાઈક ચાલકે અચાનક બ્રેક મારતાં બાઈક રોડ ઉપર પટકાતા ત્રણેયને માથામાં ઈજાઓ થતાં સારવાર માટે ગોધરા સિવિલમાં ખસેડવામાં આવ્યો. ગોધરા તાલુકાના આઈડીયા ગામે કેનાલ પાસે પતંગ ચગાવતા કિશોરના પગ લપસતા નીચે પટકાયો હતો. બેભાન ગઈ ગયેલ કિશોરને સારવાર અર્થે ગોધરા સિવિલ હોસ્ટિલમાં ખસેડવામાં આવ્યો.

## ગોધરાના બોડીદ્રા બુઝર્ગ ગામે ૨૦૨૦માં હત્યાના ગુનામાં અશોક ઉર્ફે ડાહ્યા પરમારને આજીવન કેદની સજા ફટકારતી કોર્ટ

ગોધરા, ગોધરા તાલુકાના બોડીદ્રા બુર્ઝગ ગામે ૨૦૨૦માં આરોપીઓએ હત્યા કરેલ હોય આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકના ગુનામાં ચાર આરોપીઓ વિરૂદ્ધ હત્યાનો ગુનો નોંધાવા પામ્યો હતો. આ કેસ કોર્ટમાં ચાલી જતાં આરોપી આજીવન કેદ અને ૫૦ હજારના દંડની રકમ ચુકવી આપવા હુકમ કરવામાં આવ્યો.

ગોધરા તાલુકાના બોડીદ્રા બુર્ઝગ ગામે તા.૧૦ મે ૨૦૨૦ના રોજ આરોપીઓ ભારતભાઈ લક્ષ્મપભાઈ પરમાર, ગુલાબભાઈ લક્ષ્મણભાઈ પરમાર, અશોકભાઈ ઉર્ફે ડાહયાભાઈ ભારતભાઈ પરમાર, મનોજ ઉર્ફે લાલો ગુલાબભાઈ પરમારે ગેરકાયદેસર મંડળી રચી હતી. હથિયારો સાથે જશવંતભાઈ સાથે જમીનની સેઢા પાળી બાબતે ઝગડો તકરાર કતા મરણજનાર બાબુભાઈ ભલાભાઈ પરમારએ ઝગડો નહિ કરવાનું કહેતા આરોપી અશોક પરમારે હાથમાં રાખેલ કુહાડી બાબુભાઈ પરમારને ગળાના ભાગે મારી દેતાં મોત નિપજાવા પામ્યું હતું. આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે ઈ.પી.કો. ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૦૨, ૫૦૪ અને ૧૩૫ મુજબ ફરિયાદ નોંધાઈ હતી. તેની તપાસ કરી ચાર્જશીટ કરેલ જીલ્લા ચોથા એડીશીનલ ડીસ્ટ્રીકટ સેશન્સ જજ કોર્ટમાં કેશ ચાલી જતાં પુરાવા અને સરકારી વકિલ રાકેશ એસ.ઠાકોરની દલીલો ગ્રાહ્ય રાખી આરોપી અશોકભાઈ ઉર્ફે ડાહયા ભારતભાઈ પરમારને આજીવન કેદની સજા અને ૫૦,૦૦૦/-દંડ ફરિયાદીને વળતરરૂપે ચુકવી આપવા હુકમ કરવામાં આવ્યો.

## મોરવા(હ)ના ભંડોઈ ગામે ગીરો જમીનના ૩૦ હજારના આરોપીએ માંગણી કરાતાં ગીરો પેટેના સ્ટેમ્પ આપે તો પૈસા આપવાનું કહેતા માથામાં ઈંટ મારી ઈજાઓ કરી

મોરવા(હ), મોરવા(હ) તાલુકાના ભંડોઈ ગામે રહેતા ફરિયાદી રોડ ઉપર મજુરીના પૈસા આપવા જતા હતા. ત્યારે આરોપીએ મારી ચાર વર્ષ પહેલા જમીન ગીરો પેટે આપેલ હતા. તેના ૩૦ હજાર લેવાના બાકી છે. રૂપીયા આપું તેમ કહેતા આરોપીએ ઈશ્કેરાઈ ઈંટ માથામાં મારી ઈજાઓ કરી જાનથી મારી નાખવાની ધમકી આપતાં ફરિયાદ નોધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ મોરવા(હ) તાલુકાના ભંડોઈ ગામે રહેતા રોહિતભાઈ ખાતાભાઈ પરમાર મજુરોને પૈસા આપવા જતા હતા. ત્યારે આરોપી રોહિતભાઈ શાંતિલાલ વળવાઈએ ફરિયાદીને ઉભા રાખીને ચાર વર્ષ પહેલા જમીન ગીરો પેટે આપેલ હતી. જેના ૩૦ હજાર રૂપીયા મારે લેવાના બાકી છે. તે મને આપી દો તેમ કહેતા રોહિતભાઈ એ આરોપીને તમોએ જમીનના ગીરો પેટેનો સ્ટેમ્પ કરેલ હતો. તે આપો તોં હું રૂપીયા આપી દવું તેમ કહેતા આરોપી રોહિતભાઈ વળવાઈ ઉશ્કેરાઈ જઈ ઈંટ માથામાં મારી હતી. તેમજ અન્ય આરોપીઓએ ગડદાપાટુનો મારમારી જાનથી મારી નાખવાની ધમકી આપતાં આ બાબતે મોરવા(હ) પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## ગોધરા તાલુકાના પરવડી ચોકડી હાઈવે રોડ ઉપર પીકઅપમાં કત્તલ માટે લઈ જવાતા બે ગૌવંશ સાથે ત્રણ ઈસમને ઝડપ્યા

ગોધરા, ગોધરા તાલુકાના પરવડી ચોકડી હાઈવે રોડ ઉપર પીકઅપ બોલેરો ગાડીમાં કત્તલના ઈરાદે ઘાસચારો કે પાણી વગર લઈ જવાતા બે ગૌવંશ સાથે તાલુકા પોલીસે બે ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા તાલુકાના પરવડી ચોકડી હાઈવે રોડ ઉપર ગોધરા તાલુકા પોલીસે પીકઅપ બોલેરો નં. જીજે.૦૬.એઝેડ.૫૦૨૩ને રોકી હતી અને પીકઅપમાં કત્તલના ઈરાદે ઘાસચારો કે પાણી વગર કત્તલ માટે લઈ રોકી હતી. પીકઅપ માંથી ૧-બળદ, ૧-વાછરડું મળી ૮,૦૦૦/-રૂપીયા પીકઅપ મળી ૨,૦૮,૦૦૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે આરોપીઓ વિક્રમભાઈ અભેસિંહ વણઝારા, પર્વતભાઈ વણઝારા અને રાજેશભાઈ ભોપતભાઈ વણઝારાને ઝડપી પાડવામાં આવ્યા. આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે પશુ સંરક્ષણ અધિનિયમ અંતર્ગત ફરિયાદ નોંધાવા પામી છે.

## સરકારી ઈજનેરી કોલેજ, ગોધરાના NSS એકમ દ્વારા "ઉમ્મીદ ૨૦૨૪" કાર્યક્રમ યોજાયો



ગોધરા, સરકારી ઈજનેરી કોલેજ, ગોધરાના NSS સેલ દ્વારા રાષ્ટ્રીય યુવા દિન નીમીત્તે તેમજ ઉત્તરાયણ પર્વના સંદર્ભમાં નજીકમાં આવેલ છબનપુર અને નસિરપુર ખાતે આવેલ ધોરણ ૧ થી ૫ તેમજ ધોરણ ૬ થી ૮ ની બંને પ્રાથમિક શાળા ઓના બાળકોને સ્વામી વિવેકાનંદજી વિશે માહિતી પ્રો દીક્ષિત પાઠક, પ્રો હાર્દિક શુક્લ, પ્રો એસ.એલ. પંચાલ, પ્રો.નીતિ દેસાઈ વિગેરે દ્વવારા આપવામાં આવી હતી. ત્યારબાદ વિદ્યાર્થીઓને દોરી, પતંગની ભેટ આપવામાં આવી હતી. તેમજ દરેક વિદ્યાર્થીઓને પૌષ્ટિક ભોજન તેમજ ફ્રૂટનો નાસ્તો કરાવવામાં આવ્યો હતો. સ.ઈ.કો, ગોધરાના NSS યુનિટ દ્વારા આચાર્ય પ્રો એ.કે. પટેલ અને ખાતાના વડાઓ દ્વારા સ્ટેશનરી કીટ પણ ભેટ આપવામાં આવી હતી.આ કાર્યકમનું આયોજન NSS ના સ્વયંસેવકો વિશાલ જે સિંઘ, અમન, કાંક્ષી જોષી, અક્ષર દલવાડી, પ્રિયા ચૌહાણ તથા અંદાજે ૩૦ જેટલાં વિદ્યાર્થી ઓ અને NSS કોર્ડિનેટર ટીમના પ્રો એન.જે.પરમાર, પ્રો દીક્ષિત પાઠક, પ્રો હાર્દિક શુક્લ વિગેરે અધ્યાપકોએ આચાર્ય પ્રો એ.કે.પટેલના માર્ગદર્શન હેઠળ કર્યું હતું. જેમાં પ્રો એસ.એલ. પંચાલ, પ્રો જી.એ.રાઠવા, પ્રો નીતિ દેસાઈ, પ્રો વિપુલ ભટ્ટ,પ્રો.કે.પી.શાહ, પ્રો ડી એસ ઉપાધ્યાય, પ્રો ગોપી દામલે, પ્રો જે.એન. સુતરીયા, પ્રો એ.ડી.ધીમ્મર સીતાબેન સેલોત, ટ્વિંકલબેન રાણા, મૌલિકાબેન વિગેરેનો પણ સહકાર મળી રહ્યો હતો. પ્રો એન.જે.પરમાર એ જણાવ્યું હતું કે, ૨ દિવસના આ કાર્યકમમાં શાળાના ૩૦૦ જેટલાં વિદ્યાર્થી ઓ, તમામ શિક્ષકો, આચાર્ય અને અન્ય બાળકો પણ ઉત્સાહ પૂર્વક જોડાયા હતા અને કાર્યક્રમની મજા માણી હતી. બંને શાળાના આચાર્યએ NSS યુનિટ સરકારી ઈજનેરી કોલેજ, ગોધરાનો ખુબ ખુબ આભાર માન્યો હતો.

## શહેરાના પોયડા ગામે વિકસીત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમ યોજયો



શહેરા, શહેરા તાલુકાના પોયડા ગામ ખાતે વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમ મામલતદાર ધર્મેન્દ્ર પટેલના અદયક્ષ સ્થાને યોજાયો હતો. આ કાર્યક્રમના અધ્યક્ષ ધર્મેન્દ્ર પટેલનુ ગામના અગ્રણીઓ દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવવા સાથે ઉપસ્થિત ગ્રામજનોને સરકારની વિવિધ યોજનાઓ ની માહિતી આપવામાં આવી હતી.

શહેરા તાલુકાના પોયડા ગામ ખાતે વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમ મામલતદાર ધર્મેન્દ્ર પટેલના અદયક્ષ સ્થાને રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમના અધ્યક્ષ અને મામલતદાર ધર્મેન્દ્ર પટેલ તેમજ તાલુકા ભાજપ મહામંત્રી સંજયભાઈ બારીયા, ભાજપ અગ્રણી રામસિંહ પરમાર, દિલીપભાઈ મહેરા, તાલુકા પંચાયત સદસ્ય લીલા બેન નટવર ભાઈ બારીઆ સહિત ઉપસ્થિત મહાનુભાવોનું ગામના સરપંચ જ્યોતિ બેન પટેલ ,ગ્રામ પંચાયત સભ્ય હાર્દિક ભાઇ જગદીશ ભાઈ પટેલ, ડેપ્યુટી સરપંચ અશોક ભાઇ અને ગામના અગ્રણીઓ દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમ ઉપસ્થિત ગ્રામજનોને મામલતદાર ધર્મેન્દ્ર પટેલ દ્વારા સરકારની વિવિધ લાભકારી યોજનાઓની વિસ્તૃત માહિતી આપવામાં આવવા સાથે લાભાર્થીઓને વિવિધ યોજના અંતર્ગત લાભ આપવામાં આવ્યા હતા. ગ્રામજનો દ્વારા વિકસિત સંકલ્પ યાત્રા રથનું ભવ્ય સ્વાગત કરવામાં આવવા સાથે તાલુકાના અનેક ગામોમાં આ કાર્યક્રમ યોજાયો હતો.

## શહેરાના નાંદરવા ગામે નાયક સમાજનો ૬ વર્ષીય સમારોહ યોજયો



શહેરા, પંચમહાલ જીલ્લાના શહેરા તાલુકાના નાંદરવા ગામે નાયક સમાજનો છઠ્ઠો વાર્ષિક સમારોહ યોજાયો હતો. જેમા શહેરાના ધારાસભ્ય અને ગુજરાત વિધાનસભાના ઉપાદયક્ષ જેઠાભાઈ ભરવાડ ઉપસ્થિત રહ્યા હતા. સમાજના આ સંમેલનમાં સમાજમા ઘર કરી ગયેલા ખોટા રિવાજોને લઈને ચર્ચા વિચારણા કરવામા આવી હતી. આવા ખોટા રિવાજો બંધ કરીને સમાજને આગળ લઈ જવાની ચર્ચા કરવામા આવી હતી. આ સમારોહમા નાયક સમાજના અગ્રણીઓ મોટી સંખ્યામા ઉપસ્થિત રહ્યા હતા. રામ મંદિરનુ પ્રાણપ્રતિષ્ઠા થવાની છે જેને લઈ શહેરાના ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડએ રામ મંદિરના પ્રાણ પ્રતિષ્ઠાના દિવસે પોતાના ઘરે દીવો પ્રગટાવા અપીલ કરી હતી.

## હાલોલ બાયપાસ રોડ ગોપીપુરા ચોકડી પાસે ધંધાદારી વેપારી પાસે ૫૦ હજારની ખંડણી માંગી મારામારી કરી ધમકી આપતાં બાસ્કાના માથાભારે ઈસમો સામે પોલીસ ફરિયાદ

હાલોલ, હાલોલ બાયપાસ રોડ ઉપર ગોપીપુરા ચોકડી પાસે દુકાનના વેપારી પાસે ૫૦ હજારની ખંડણી માંગવામાં આવી હતી. વેપારી દ્વારા ખંડણીની રકમ નહિ આપતાં બાસ્કાના માથાભારે ઈસમો દ્વારા વેપારી ઢોર મારમારી જીવલેણ હુમલો કરતાં હાલોલ રૂરલ પોલીસ મથકે ફરિયાદ આપતાં પોલીસે મારામારીની ઘટનાના સીસી ટીવી ફુટેજ મેળવીને ચાર ઈસમો વિરૂદ્ધ કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ હાલોલ બાયપાસ રોડ ઉપર ગોપીપુરા ચોકડી પાસે એકતા ટ્રેડર્સ નામની દુકાન ધરાવતા વેપારી ઈમરાન ઈસ્માનભાઈ વ્હોરા પાસેથી બાસ્કા ગામના માથાભારે ઈસમ તોહિર ઈમ્તીયાઝ અલી મકરાણીએ આ રોડ ઉપર ધંધો કરવો હોય તો ૫૦ હજાર રૂપીયા આપવા પડશે. રૂપીયા નહિ આપે તો ધંધો નહિ કરવા દઉં. તેમ કહીને ખંડણીની માંગણ કરી હતી. માથાભારે ઈસમે ધમકી આપ્યા બાદ વેપારી દ્વારા પ્રતિક્રિયા નહિ આપતાં બાસ્કાના માથાભારે તોહિદ મકરાણી અને તેના સાગરીતો મોઈનઅલી ઉર્ફે મનહર ઈલમુદ્દીન મકરાણી, હમીદ ઉર્ફે ઈલુ સમદર મકરાણી અને અન્ય એક વ્યકિત વેપારીની દુકાન ઉપર પહોંચી ૫૦ હજાર કેમ આપ્યા નથી. તેમ કહી વેપારી ઉપર તોહિદ મકરાણીએ ચપ્પા વડે હુમલો કરી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી ધાક જમાવતો પ્રયાસ કરતાં આ બાબતે વેપારી દ્વારા ચાર ઈસમો વિરૂદ્ધ હાલોલ રૂરલ પોલીસ મથે ફરિયાદ નોંધાવતા પોલીસે માથાભારે ઈસમો દ્વારા કરવામાં આવેલ મારામારીના ફુટેજ મેળવીને ચાર ઈસમો વિરૂદ્ધ કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.